# અનુસૂચિત જાતિનાં અનુસ્નાતક બેરોજગારો


અહેવાલ લેખન :
હસમુખભાઇ પરમાર



સંપાદન :
ડૉ. ઠા. ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૮૯

263

# અનુસૂચિત જાતિના અનુસ્નાતક

## બેરોજગારો

અહેવાલ લેખન

હસમુખ પરમાર

સંપાદન

ડૉ. ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## અનુસૂચિત જાતિના અનુસ્નાતક

## બેરોજગારો

### ભાગ-૧.

- પ્રસ્તાવના.
- બેરોજગારી.
- બેરોજગારી અંગેની ગુજરાતની સ્થિતિ.
- ગુજરાતમાં અનુ.જાતિ અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ રોજગારીનો પ્રબંધ અને યુનિ. રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર વિભાયક માહિતી.

### ભાગ-૨.

- સંવૈધાનિક જોગવાઈઓ.
- અભ્યાસનાં હેતુઓ.
- અભ્યાસ પધ્ધતિ.
- નમુના પસંદગી.
- માહિતીનું વર્ગીકરણ.

### ભાગ-૩.

- કેટલાક વિસ્તૃત જવાબોનું સંકલન

### ભાગ-૪.

- તારણો આધારિત સૂચનો.

## કોઠાની યાદી

| અ.નં. | કોઠા/પત્રક નંબર. | વિગત |
|---|---|---|
| ૧. | ૧.૧ | ગુજરાતમાં રોજગારી મેળવવા નોંધાયેલ વ્યક્તિઓની સંખ્યા (સાલવાર) દર્શાવતું પત્રક. |
| ૨. | ૧.૨ | ગુજરાત સરકાર ધ્વારા બેરોજગારોને રોજગારી અપાવવામાં થયેલી કામગીરીની વિગત દર્શાવતું પત્રક. |
| ૩. | ૧.૩ | ગુજરાત રાજયમાં રોજગારી મેળવવા નોંધાયેલ અનુસ્નાતક બેરોજગારોની સંખ્યાત્મક વિગત દર્શાવતું પત્રક. |
| ૪. | ૧.૪ | ગુજરાત રાજયમાં રોજગારી મેળવવા નોંધાયેલ એન્જીયરીંગના સ્નાતક અને અનુસ્નાતક બેરોજગારોની સંખ્યાત્મક વિગત દર્શાવતું પત્રક. |
| ૫. | ૧.૫ | રોજગાર વિનિમયનું કામકાજ. |
| ૬. | ૧.૬ | શૈક્ષણિક સ્તર અનુસાર રોજગારી મેળવવા નોંધાયેલ વ્યક્તિઓની સંખ્યા. |
| ૭. | ૨.૧ | પસંદ કરેલ યુ. રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રમાં નોંધાયેલા બેરોજગારોનું જાતિ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતું પત્રક. |
| ૮. | ૨.૨ | ઉત્તરદાતાઓનું લીંગ પ્રમાણે વિગત દર્શાવતું પત્રક. |
| ૯. | ૨.૩ | જાતિવાર ઉત્તરદાતાઓની વિગત દર્શાવતું પત્રક. |
| ૧૦. | ૨.૪ | ઉત્તરદાતાની ઉંમર દર્શાવતું પત્રક. |
| ૧૧. | ૨.૫ | જિલ્લાવાર ઉત્તરદાતાઓની સંખ્યા દર્શાવતું પત્રક. |
| ૧૨. | ૨.૬ | ઉત્તરદાતાના વૈવાહિક દરજ્જા અંગેની વિગત દર્શાવતું પત્રક. |
| ૧૩. | ૨.૭ | માહિતીદાતાઓની શૈક્ષણિક લાયકાત (ટકાવારી) દર્શાવતું પત્રક. |
| ૧૪. | ૨.૮ | ઉત્તરદાતાનાં કુટુંબીજનોની સંખ્યા દર્શાવતું પત્રક. |

...૨...

| અ.નં. | કોઠા/પત્રક નંબર | વિગત |
| --- | --- | --- |
| ૧૫. | ૨.૯ | ઉત્તરદાતાનાં કુટુંબીજનોમાં શિક્ષણ. |
| ૧૬. | ૨.૧૦ | ઉત્તરદાતાના કુટુંબનો આર્થિક દરજ્જો દર્શાવતું પત્રક. |
| ૧૭. | ૨.૧૧ | ઉત્તરદાતાના કુટુંબની વાર્ષિક આવક દર્શાવતું પત્રક. |
| ૧૮. | ૨.૧૨ | ઉત્તરદાતા જમીન ધરાવે છે? તે અંગેની વિગત દર્શાવતું પત્રક. |
| ૧૯. | ૨.૧૩ | ઉત્તરદાતાઓએ રોજગાર કચેરીમાં નામ નોંધાવ્યાનો સમયગાળો દર્શાવતું પત્રક. |
| ૨૦. | ૨.૧૪ | ઉત્તરદાતાઓને રોજગાર કચેરીમાં નોંધણી કરાવવામાં મુશ્કેલી પડી હતી કે કેમ તે અંગેની વિગત દર્શાવતું પત્રક. |
| ૨૧. | ૨.૧૫ | ભણતર છોડયા પછી શું કર્યું તે અંગેની વિગત દર્શાવતું પત્રક. |
| ૨૨. | ૨.૧૬ | ઉત્તરદાતાઓ હાલ શું કરે છે તે અંગેની વિગત દર્શાવતું પત્રક. |
| ૨૩. | ૨.૧૭ | ઉત્તરદાતાઓને મળેલ ઇન્ટરવ્યુકોલ અંગેની વિગત દર્શાવતું પત્રક. |
| ૨૪. | ૨.૧૮ | ઉત્તરદાતાઓને ત્યાં સમાચાર પત્ર આવે છે. |
| ૨૫. | ૨.૧૯ | ઉત્તરદાતાઓ કયાં સમાચારપત્રો વાંચે છે તે અંગેની વિગત દર્શાવતું પત્રક. |
| ૨૬. | ૨.૨૦ | ઉત્તરદાતા ભારત સરકારનું એમ્પલોયમેન્ટ ન્યુઝ વાંચે છે. |
| ૨૭. | ૨.૨૧ | ઉત્તરદાતાઓ રોજગાર સમાચાર વાંચે છે. |

## ભાગ-૧.

**પ્રસ્તાવના:-**

દરેક સુસભ્ય સમાજમાં કામનો હકક, રોજી કમાવી અને રાષ્ટ્રીય રકમમાં પોતાનો હિસ્સો આપવો એને મૂળભૂત અધિકાર તરીકે લેખાવ્યા છે, પરંતુ વ્યકિત કયારે રાષ્ટ્રીય સંપત્તિમાં પોતાનો હિસ્સો જોડી શકે? ફકત ત્યારે કે જયારે તે કાંઈક કમાતો હોય. આ માટે રાષ્ટ્રે તેને કામની તક પૂરી પાડવી જોઈએ. જેથી કરીને તે રાષ્ટ્રીય સંપતિમાં પોતાનો ફાળો આપી શકે. બીજા શબ્દોમાં કહીએ તો તેવા બધાજ કે જે કામ કરવાને માટે યોગ્ય છે. કામ કરવા ઈચ્છે છે તેઓને રોજગારી આપવી.

પરંતુ આધુનિક આર્થિક પધ્ધતિ તેમ કરવામાં નિષ્ફળ રહી છે. તેને લઈને ઘણાં બધા આર્થિક, સામાજિક અને રાજકીય દુષણો પેદા થયાં છે. એટલું જ નહીં તેઓએ તેમનાં માથા ઊંચકયાં છે જેનાથી સમગ્ર સમાજ એક કટોકટીભરી સ્થિતિ તરફ ખૂબ જ ત્વરાથી ગતિ કરી રહયો છે. આ સવાલ કોઈ એક પ્રાંત કે દેશનો સવાલ રહયો નથી, પરંતુ તેણે સમગ્ર વિશ્વના દેશોને ભરડો લીધો છે. તેથી જ તો વિશ્વના અર્થતજ્ઞોએ બેરોજગારીની ગંભીર સમસ્યાને ઉકેલવા પ્રત્યે ગંભીરતાથી ધ્યાન ધર્યું છે.

સાથે સાથે એ પણ હકિકત છે કે કોઈપણ રાષ્ટ્ર પૂર, દુષ્કાળ, યુધ્ધ અને પ્રાણઘાતક એપી રોગમાંથી બહાર નીકળી શકે છે પરંતુ એ વાત કહેવામાં જરાય અતિશયોકિત લાગતી નથી કે કોઈપણ દેશ હંમેશાં લાંબા વખતની બેરોજગારીની સમસ્યાને સહન કરી શકે નહીં. છેલ્લા ચાર દશકાથી ભારતમાં બેરોજગારી અવિરતપણે વધી રહી છે. તેને રોકવા માટે ગંભીરતા-પૂર્વક આયોજન પણ વિચારાયું નથી. જોકે ભારતીય રાષ્ટ્રસંવિધાને તો ભારતના નાગરિકને કલમ-૩૯માં દર્શાવ્યા પ્રમાણે

"that the citizens, men and women equally, have the right to an adequate means of livelihood, and that the ownership and control of the material resources of community are so distributed as best to subserve the common good."

આમ પૂર્ણ રોજગારી એ આપણી રાષ્ટ્રીય આર્થિક નીતિમાં વિશાળ ફલક ઉપર સ્વીકારેલ એક મહત્વનો ઉદ્દેશ બની બેઠી છે. વિશ્વવ્યાપક માનવહકક ઉદ્ઘાષણામાં અને આંતરરાષ્ટ્રીય મજૂરસંઘનું આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક હકક અંગેનું મળેલ સંમેલનમાં જાહેર થયા પ્રમાણે દરેક વ્યકિતને કામનો અધિકાર છે. એટલું જ નહીં પરંતુ તેને આ તે પૂર્ણ રોજગારીની ખાતરી આપે છે.X

બેરોજગારીની સમસ્યા આજકાલ આપણે દરેક ક્ષેત્રમાં વિસ્તરેલી જોવા મળે છે. તથા તેની અસર ઔદ્યોગિક શાંતિ, ઉત્પાદન, આર્થિક, નૈતિક અને સામાજિક મૂલ્યો ઉપર પડતી નકારાત્મક અસરને આપણે સૌ હાલ જોઈ શકીએ છીએ. બીજી તરફ આ સમસ્યા સતત હતાશાનું વાતાવરણ ખડું કરે છે, જે દેશનું મહામોલું યુવાન માનવધનને ઘોર નિરાશા તરફ ઘસડી જઈ રહી છે.

આપણાં દેશમાં સરકારી રાહે બેરોજગારીની સમસ્યાને હલ કરવા કેટલાક પગલા લીધેલા છે તેમાં ૧૯૬૮ ઓગસ્ટમાં આયોજનપંચ ધ્વારા 'બેરોજગારીનો આશરો' કાઢવા એક તજ્જ્ઞ સમિતિની નિમણૂંક શ્રી એમ. એલ. દાંતવાળાની અધ્યક્ષાતામાં કરવામાં આવી હતી. તે ઉપરાંત સરકારે ૧૯૭૦ ડીસેમ્બરમાં શ્રી ભગવતીની અધ્યક્ષાતામાં બેરોજગારીનો વ્યાપ અને તેને નાથવા માટેના ઉપચારાત્મક ઉપાયો દર્શાવવા સમિતિ નિમવામાં આવી હતી. આ બંને સમિતિઓએ અનુક્રમ ૧૯૭૦ અને ૧૯૭૩માં પોતાના અહેવાલો રજૂ કર્યા હતા, જેમાં કેટલાંક અગત્યનાં ઉપાયાત્મક સૂચનો બેરોજગારીને રોકવા માટેનાં સૂચવાયાં હતાં.

---

X Urban unemployment.
By Vsha Kundu Page-2

## બેરોજગારી:-

ભારત માટે બેરોજગારીનો પ્રશ્ન એ કાંઈ નવો નથી. ભારતના ગૃહઉદ્યોગોનો નાશ થાય તેવા પ્રકારની અંગ્રેજોની નીતિ સાથોસાથ અનેક પરિબળો અને દિન-પ્રતિદિન અર્થવ્યવસ્થાની ઉથલપાથલ તથા મૂડીવાદીઓની રાજકીય રંગે રંગાયેલ સ્વાર્થનીતિનાં સ્વરૂપ જેવા પગલાંરૂપ ગુજરાતમાં ભાંગી પડેલા કાપડ મીલ ઉદ્યોગ જેવી પરિસ્થિતિ બેરોજગારીને પુરઝડપે આગળ ધપાવે છે.

જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ બેકારીનું વિસ્તૃત વિશ્લેષણ કર્યું છે. તેનાં ગર્ભમાં જવાનું ટાળી કેટલીક પાયાની વિગતોથી વાકેફ બનવું જરૂરી લાગે છે.

ભારતમાં પ્રવર્તમાન બેકારીની વ્યાખ્યા સમયે સમયે પરિવર્તન પામતી રહી છે. તેવી જ રીતે જુદા જુદા સમયે જુદી જુદી સંસ્થાઓએ બેકારીની વ્યાખ્યા કરવા માટે જુદા જુદા ખ્યાલોનો ઉપયોગ કર્યો છે. તેમાં નેશનલ સેમ્પલ સર્વે, સેન્સસ, એમ્પલોયમેન્ટ એક્ષચેંજ તથા એક્ષપર્ટ કમીટીઓએ કોઈ એક ચીલામાં બેકારીની વ્યાખ્યા કરી નથી.

૧૯૫૪માં જીનીવા ખાતે કાયદાર અંગેના આંકડાઓની આઠમી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ મળી હતી. જેમાં બેરોજગારીની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી હતી.

Persons in unemployment consist of all persons above a specified age, who on the specified day or for a specified week, were in the following categories:

(a) Workers available for employment whose contract of employment had been terminated or temporarily suspended and who were without a job and seeking work for pay or for profit.

(b) Persons who were available for work (except for minor illness) during the specified period and were seeking work for pay or profit, who were never previously employed or whose most recent status was other than that of employee (i.e. former employers,etc.) or who had been in Detirement.

(c) Persons without a job and currently available for work who had made arrangements to start a new job at a date subsequent to the specified period and

(d) Persons on temporary or indefinite lay-off without pay.

આપણે ત્યાં બેકારીની સમસ્યાનું વિશ્લેષણ બે વિભાગમાં કરવામાં આવે છે. જેમ કે (અ) ગ્રામ્ય વિસ્તારમાં બેકારી અને (બ) શહેરી વિસ્તારમાં બેકારી.

(અ) ગ્રામ્ય વિસ્તારમાં બેકારીઃ- આપણો દેશ ગામડાંઓનો બનેલો દેશ છે. ૧૯૮૧ની વસ્તી ગણતરીના અહેવાલ પ્રમાણે આપણા દેશની કુલ વસ્તીનાં ૭૬ ટકા લોકો ગામડાઓમાં વસે છે. ગ્રામ્ય વિસ્તારમાં મુખ્યત્વે બે પ્રકારની બેકારી જોવા મળે છે. તેમાં (૧) મોસમી બેકારી તથા (૨) પ્રચ્છન્ન બેકારી.

સ્વતંત્રતા બાદ આપણે ત્યાં ઔદ્યોગિક વિકાસ ઉપર ખુબ ધ્યાન કેન્દ્રીત કર્યું હોવા છતાં આપણે ત્યાં ઔદ્યોગિક વિકાસ મંદ રહયો છે. જોકે શહેરો જોતાં લાગે છે કે જાણે લોકોનું કિડીયારું ઉભરાણું હોય, પરંતુ ગ્રામ્ય વસ્તીના પ્રમાણમાં શહેરોમાં વસ્તીનું પ્રમાણ ઓછું છે. કુલ વસ્તીનાં ૨૪ ટકા વસ્તી શહેરી વિસ્તારમાં વસે છે. શહેરોમાં (૧) ઔદ્યોગિક કામદારોની બેકારી અને (૨) શિક્ષિત વર્ગની બેકારી જોવા મળે છે.

શિક્ષિત બેકારોનો પ્રશ્ન એ આપણી બેકારીની સમસ્યાનું એક મહત્વનું પાસું છે. ૧૯૮૧ની વસ્તી ગણતરીના અહેવાલ મુજબ શિક્ષણનું પ્રમાણ ૩૬ ટકા જેટલું છે. છતાં શિક્ષિત બેકારીનો પ્રશ્ન જે ગંભીરરૂપ ધારણ કરી બેઠો છે તે જોતાં કલ્પના જ કરવી રહી કે આગામી વર્ષોમાં બેરોજગારી કેવું રૂપ ધારણ કરશે.

આઝાદી બાદ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર અને કોલેજ શિક્ષણનો વિસ્તાર વધતાં ડીગ્રીધારીઓનું પ્રમાણ વધ્યું છે. ટેકનિકલ શિક્ષણ કે તાલીમ પામેલાઓનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું રહયું છે. ટેકનિકલ શિક્ષણ કે તાલીમ પામેલાઓની સંખ્યા ઓછી છે, જેથી ઉજળા ધંધા કે કારકુની કામો માગનારાઓની સંખ્યા વધી રહી છે. હાલતો ટેકનિકલ શિક્ષણ મેળવનારાઓમાં પણ બેકારીનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું દેખાય છે. રોજગાર વિનિમય કેન્દ્રોમાં નોંધાયેલ શિક્ષિત બેકારોની સંખ્યા ૧૯૭૨માં ૬૯ લાખ જેટલી હતી જે વધીને જાન્યુઆરી ૧૯૮૦માં ૧.૪૩ કરોડ અને જૂન ૧૯૮૧માં ૧.૬૩ કરોડ જેટલી થવા પામી છે. જેમાં ૨૨,૫૦૦ જેટલા એન્જીનેરો, ૧૪,૮૦૦ જેટલા ડૉક્ટરો, ૧૧,૪૦૦ જેટલા કૃષિ સ્નાતકો ૪૮૦૦ જેટલા

કાનૂની સ્નાતકો અને અન્ય સ્નાતકો-અનુસ્નાતકોનો સમાવેશ થાય છે.

બેરોજગારી અંગેની ગુજરાતની સ્થિતિ:-

ગુજરાતમાં છેલ્લા વર્ષોમાં રોજગારી મેળવવા માટે નોંધાયેલ વ્યક્તિઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. તેમાં શિક્ષિત અને અશિક્ષિત બંનેની સંખ્યામાં વધારો નોંધાયો છે. ૧૯૮૫ અને ૧૯૮૬ એમ એક વર્ષના ગાળામાં શિક્ષિત બેકારોમાં ૭૯,૮૧૦નો વધારો થયો છે જ્યારે અશિક્ષિત બેકારોમાં ૬૮,૬૨૮ બેકારોનો ઉમેરો થયો છે. પ્રસ્તુત છે. પત્રક-૧માં વિગતવાર આંકડાકીય વિગતો.

પત્રક-૧.૧

ગુજરાતમાં રોજગારી મેળવવા નોંધાયેલ વ્યક્તિઓની સંખ્યા (સાલવાર) દર્શાવતું પત્રક.

| અ.નં. | વર્ષ | શિક્ષિત બેકારો | અશિક્ષિત બેકારો | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૮૦ | ૨૭૦૨૫૩ | ૨૦૦૬૩૫ | ૪૭૦૮૮૮ |
| ૨. | ૧૯૮૫ | ૪૪૯૨૮૮ | ૨૮૪૫૫૦ | ૭૩૩૮૩૮ |
| ૩. | ૧૯૮૬ | ૫૨૯૦૯૮ | ૩૫૩૧૭૮ | ૮૮૨૨૭૬ |
| ૪. | ૧૯૮૭ જુલાઈ.સ. | ૪૫૬૩૬૪ | ૩૪૭૮૯૬ | ૮૦૪૨૬૦ |

માહિતી સ્ત્રોત:-

અર્થશાસ્ત્ર અને આંકડાનું ત્રૈમાસિક બુલેટીન.
અર્થશાસ્ત્ર અને આંકડા વિભાગ,
ગુજરાત સરકાર,
ગાંધીનગર.

જુલાઈ-સપ્ટેમ્બર ૧૯૮૭, પાન નં. ૧૧૭.

આમ વર્ષો વર્ષ થતા રહેતા વસ્તીમાં વધારાની સાથે બેકારીમાં પણ એટલી જ તીવ્રતાથી વધારો થતો રહે છે. તેની સામે ગુજરાત સરકારે બેરોજગારોને રોજગારી અપાવવાનું જારી રાખ્યું છે. ૧૯૮૫-૮૬ તથા ૧૯૮૬-૮૭ જુન સુધીમાં ગુજરાત સરકાર ધ્વારા બેરોજગારોને રોજગારી અપાવવામાં થયેલી કામગીરીની વિગતો પત્રક-૨ માં આપવામાં આવી છે.

પત્રક-૧.૨

ગુજરાત સરકાર ધ્વારા બેરોજગારોને રોજગારી અપાવવામાં થયેલી કામગીરીની વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | વિગત | ૧૯૮૫-૮૬ | ૧૯૮૬-૮૭ જુન. |
|---|---|---|---|
| ૧. | નોંધણી સંખ્યા | ૧૪૬૫૮૫ | ૧૬૦૧૮૨ |
| ૨. | રોજગાર મેળવી અપાયેલાની સંખ્યા | ૧૧૮૮૦ | ૧૩૦૧૦ |
| ૩. | ચાલુ નોંધણી પત્રક મુજબ સંખ્યા | ૭૮૩૬૯૨૯ | ૧૦૦૮૭૯૫૯ |
| ૪. | જાહેર કરાયેલ ખાલી જગ્યાની સંખ્યા | ૩૨૮૩૫ | ૩૩૧૫૪ |

માહિતી સ્ત્રોતઃ-
અર્થશાસ્ત્ર અને આંકડાનું ત્રૈમાસિક બુલેટીન.
અર્થશાસ્ત્ર અને આંકડા વિભાગ,
ગુજરાત સરકાર,
ગાંધીનગર.

જુલાઈ-સપ્ટેમ્બર ૧૯૮૭. પાન નં.૧૧૭.

પત્રક-૨ની વિગતો જોતાં સ્પષ્ટ દેખાઈ આવે છે કે બેકારીનાં જબરજસ્ત આંક સામે સૌને રોજગારી આપવા થતા પ્રયત્નો કેટલાં રાંક

દેખાય છે. આ ઉપરથી બેકારોએ જાતે સમજી તેમને અનુરૂપ કૌશલ્ય કેળવી રોજી રળવાની તૈયારી કરવી જોઈએ. ફકત 'વ્હાઈટ કોલર જોબ' પર મીટ માંડીને બેસી રહેવાથી બેકારીની સમસ્યાનો અંત આવે તેમ આ આંકડાઓ જોતાં લાગે છે.

આ અભ્યાસમાં ફકત અનુસ્નાતક બેકારોની માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાથી ગુજરાતમાં અનુસ્નાતક બેરોજગારી કયા કયા ક્ષેત્રે કેટલા પ્રમાણમાં પ્રવર્તે છે તે જાણવું પણ જરૂરી લાગે છે. તે બાબતને ધ્યાનમાં રાખી ૧૯૮૫, ૧૯૮૬ અને ૧૯૮૭ જુલાઈ સુધી જુદી જુદી વિદ્યાશાખાના અનુસ્નાતક બેકારોમાં આંકડા પત્રક-૩ અને પત્રક-૪માં આપવામાં આવ્યા છે.

પત્રક-૧.૩

રોજગારી મેળવવા નોંધાયેલ અનુસ્નાતક બેરોજગારોની સંખ્યાત્મક વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | વિભાગ | ૧૯૮૫ | ૧૯૮૬ | ૧૯૮૭ જુલાઈ-સપ્ટે. |
|---|---|---|---|---|
| ૧. | વિનિયન | ૧૫૩૮ | ૨૦૩૧ | ૧૯૫૩ |
| ૨. | વિજ્ઞાન | ૧૧૧૭ | ૧૫૫૫ | ૧૪૬૪ |
| ૩. | વાણીજય | ૭૮૧ | ૧૨૩૮ | ૧૨૮૯ |
| ૪. | અન્ય | ૫૯૧ | ૮૪૪ | ૮૨૨ |
| | કુલ | ૪૦૨૭ | ૫૬૬૮ | ૫૫૫૮ |

ઉપરોકત પત્રકમાં ૧૯૮૭ના વર્ષના આંકડા દર્શાવે છે કે સૌથી વધુ અનુસ્નાતક બેકારો વિનિયન વિદ્યાશાખામાં નોંધાયા છે જ્યારે વાણીજય શાખામાં બેકારોનું પ્રમાણ ઓછું નોંધાયું છે.

પત્રક- ૧.૪

ગુજરાત રાજ્યમાં
રોજગારી મેળવવા નોંધાયેલ એન્જીનીયરીંગના સ્નાતક અને
અનુસ્નાતક બેરોજગારોની સંખ્યાત્મક વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | વિગતો | | ૧૯૮૫ | ૧૯૮૬ | ૧૯૮૭ જુલાઈ-સપ્ટે. |
|---|---|---|---|---|---|
| ૧. | સીવીલ | સ્નાતક | ૪૧૦ | ૧૧૭૨ | ૧૫૨૧ |
| | | અનુ.સ્નાતક | ૧ | ૩ | ૧ |
| ૨. | મીકેનીકલ | સ્નાતક | ૨૯૦ | ૫૨૫ | ૫૫૦ |
| | | અનુ.સ્નાતક | ૧ | ૨ | ૧ |
| ૩. | ઈલેકટ્રીકલ | સ્નાતક | ૧૭૭ | ૧૯૮ | ૨૪૨ |
| | | અનુ.સ્નાતક | - | - | - |
| ૪. | અન્ય | સ્નાતક | ૧૬૫ | ૨૩૮ | ૨૬૧ |
| | | અનુ.સ્નાતક | ૧ | ૧ | - |

ટેકનીકલ શિક્ષણ મેળવેલા સ્નાતક અને અનુસ્નાતક બેકારોની ફોજ પણ વધવા લાગી છે. ૧૯૮૭ના જુલાઈ, સપ્ટેમ્બરના અંકિત આંકડા પ્રમાણે ટેકનીકલ શિક્ષણમાં બેકારીનું વિશેષ પ્રમાણ સીવીલ એન્જીયરીંગ છે જ્યારે મીકેનીકલ તથા ઈલેકટ્રીકલ અને અન્ય એન્જીયરીંગ શાખાઓમાં બેકારીનું પ્રમાણ સીવીલની સરખામણીમાં ઓછું છે.

છેલ્લે રોજગાર વિનિમય અંગેની કામગીરી ગુજરાતમાં કેવી રહી છે તેની વિગતો પત્રક-૫માં અને શૈક્ષણિક સ્તર અનુસાર રોજગારી મેળવવા નોંધાયેલ વ્યક્તિઓની સંખ્યા સાલવાર પત્રક-૬માં દર્શાવવામાં આવ્યા છે.

પત્રક - ૧.૫

રોજગાર વિનિમયનું કામકાજ

| અ.નં. | વર્ષ | વર્ષ દરમ્યાન નોંધણીની સંખ્યા | વર્ષ દરમ્યાન નોકરીએ રખાયેલાની સંખ્યા | વર્ષના અંતે નોંધણી પત્રક પરની સંખ્યા | વર્ષ દરમ્યાન નોંધાયેલી ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ૧૯૭૦-૭૧ | ૧૯૮ | ૨૧ | ૧૫૮ | ૪૧ |
| ૨. | ૧૯૭૫-૭૬ | ૨૩૫ | ૧૪ | ૩૧૫ | ૨૬ |
| ૩. | ૧૯૮૦-૮૧ | ૨૪૮ | ૨૧ | ૪૮૩ | ૪૭ |
| ૪. | ૧૯૮૧-૮૨ | ૨૩૨ | ૨૩ | ૫૧૯ | ૪૭ |
| ૫. | ૧૯૮૨-૮૩ | ૨૩૨ | ૨૦ | ૫૭૩ | ૪૧ |
| ૬. | ૧૯૮૩-૮૪ | ૨૮૫ | ૨૨ | ૬૩૧ | ૪૯ |
| ૭. | ૧૯૮૪-૮૫ | ૨૧૪ | ૨૦ | ૬૪૩ | ૪૧ |

પ્રાપ્તિસ્થાન:-
ગુજરાતની આંકડાકીય રૂપરેખા
૧૯૮૫ પાન નં. ૨૫૩

ગુજરાતમાં અનુસૂચિત જાતિ અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ રોજગારી પ્રબંધ.

૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં ૩.૪૦ કરોડની કુલ વસ્તીમાંથી ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તી ૨૪.૩૮ લાખ છે. જે ગુજરાતની કુલ વસ્તીના ૭.૧૫ ટકા થાય છે. ગુજરાતમાં અનુસૂચિત જાતિ દરેકે દરેક જિલ્લામાં પથરાયેલી છે. રાજ્યનાં ૧૮૨૭૫ ગામડાઓમાંથી ૧૨૮૦૮ જેટલા ગામોમાં વધતા ઓછા પ્રમાણમાં અનુસૂચિત જાતિની વસ્તી છે. તે ઉપરાંત રાજ્યનાં ૧૪૧૧ ગામો અને નગરો એવા છે કે જ્યાં ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૨૫૦ કે તેથી વધુ વસ્તી અનુસૂચિત જાતિની છે. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ અંગે હુકમો (સુધારેલા) અધિનિયમ, ૧૯૭૬નો નં. ૧૦૮ અનુસાર રાજ્યમાં કુલ ૩૦ અનુસૂચિત જાતિઓ છે.

ગુજરાતની અનુસૂચિત જાતિઓની કેટલીક વિશિષ્ટતાઓ પણ છે. મોટાભાગે અનુસૂચિત જાતિઓનાં આવાસો ગામના પછવાડે એક બાજુ જોવા મળે છે. તેમાં પણ અનુસૂચિત જાતિઓ એકબીજાને લગોલગ મહોલ્લાઓમાં રહે છે. તેઓની સામાજિક પછાતતા જેમ અસ્પૃશ્યતા જેવી સમસ્યાથી પ્રદર્શિત થાય છે, એવી જ રીતે તેમની આર્થિક પછાતતા તેઓનાં રહેઠાણોની અવસ્થા પરથી દેખાઈ આવે છે.

અનુસૂચિત જાતિની વસ્તી રાજ્યનાં બધા જ જિલ્લાઓમાં છે પરંતુ અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા, વડોદરા અને જૂનાગઢ જિલ્લાઓમાં પ્રમાણમાં વધુ જોવા મળે છે.

તેમનામાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ જોઈએ તો ૧૯૬૧માં અનુસૂચિત જાતિમાં ૨૨.૪૬ ટકા અક્ષરજ્ઞાન હતું. તે વધીને ૧૯૮૧માં ૩૯.૭૮ ટકા થયું છે. જો કે અનુસૂચિત જાતિમાં મહિલાઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઘણું ઓછું છે. તેનો ખ્યાલ આપણને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જાતિ સિવાયની અન્ય મહિલાઓનું અક્ષરજ્ઞાનનું પ્રમાણ જોવાથી આવે છે. તે પ્રમાણ અનુક્રમે ૨૫.૬૧ ટકા અને ૩૨.૩૧ ટકા છે.

જ્યારે આપણે અનુસૂચિત જાતિના અનુસ્નાતક બેરોજગારોનો અભ્યાસ કરી રહયા છીએ ત્યારે અનુસૂચિત જાતિની વ્યવસાય વિષયક બાબતો પણ જાણવી જોઈએ. ૧૯૮૧ની વસ્તી ગણતરીમાં ''કામદારો'' તરીકે વર્ગીકૃત અનુસૂચિત જાતિના ૭.૬૬ લાખ સભ્યો પૈકી ૩.૧૫ લાખ સભ્યો ખેતમજુર તરીકે રોકાયેલા છે. ૧.૨૨ લાખ ખેડૂતો છે. આશરે ૦.૪૦ લાખ ઘરકામ, ઉત્પાદન તથા પ્રક્રિયા ઉદ્યોગોમાં રોકાયેલા છે. ૨.૮૮ લાખ 'બીજા કામદારો' તરીકે જેમ કે વણાટકામ, ચર્મકામ તથા ચામડાની વસ્તુઓનું ઉત્પાદન જેવા પરંપરાગત વ્યવસાયોનો સમાવેશ થાય છે. તેમાં નાની મોટી નોકરીઓનો પણ સમાવેશ થયેલ હોવાનો સંભવ છે.

અનુસૂચિત જાતિના ૭.૬૬ લાખ કામદારો પૈકી ૧.૭૭ લાખ મહિલા કામદાર છે.

અહીંયા આપણે રાજય સરકાર ધ્વારા જે શિક્ષિત બેરોજગારો માટે રોજગારી પૂરીપાડવા અંગેનાં પ્રયત્નો થાય છે તેની વાત કરતા પહેલા આપણા દેશાનોલગભગ ત્રિજા ભાગની વસ્તી કે જે ગામડામાં રહે છે. જેમની મુખ્ય સમસ્યા ગરીબી અને બેરોજગારી છે. તેમના માટે એટલે કે ગ્રામ વિસ્તારોમાં રોજગારીની તકોમાં વધારો કરવાની જે પ્રક્રિયા ચાલે છે તે જોઈશું.

અનુસૂચિત જાતિનાં સર્વાંગી વિકાસ માટે અમલમાં છે તે ખાસ અંગભૂત યોજના હેઠળ (૧) ગ્રામ ગરીબોને ઉત્પાદક અસ્કયામતો, કૌશલ્ય અને ટેકનોલોજી તબદીલ કરવા માટેના કાર્યક્રમો. (૨) પૂરક રોજગાર તકો ઊભી કરવા માટે કાર્યક્રમો. આ માટે રાષ્ટ્રીય ગ્રામ રોજગાર કાર્યક્રમ અને ટ્રાયસેમ જેવી યોજનાઓ અમલમાં છે.

ગુજરાતમાં બેરોજગારોને રોજગારી પૂરી પાડી શ્રમનો સદ્ઉપયોગ કરવા માટે શ્રમ અને રોજગાર વિભાગ કાર્યરત છે તે ઉપરાંત રોજગાર અને તાલીમ નિયામકની કચેરી રાજયની ઉપરોકત કાર્યવાહીનું આયોજન, સંકલન અને વ્યવસ્થાપન કરે છે. રાજયમાં ૧૮ વર્ષની વય કે તેથી ઉપરની વય વાળા બેરોજગારો રોજગાર કચેરીમાં પોતાના નામો નોંધાવી શકે તેવી વ્યવસ્થા છે. શિક્ષિત બેકારો માટે સ્નાતક કક્ષા સુધી તથા અનુસ્નાતકો અને તાંત્રિક અભ્યાસુઓ માટે અલગ અલગ વ્યવસ્થા ઊભીકરવામાં

આવેલી છે. તે માટે રોજગારી વાંચ્છુઓના નામો નોંધવા માટે નિયત તારીખે જે તે અધિકારી તાલુકા કક્ષાએ જાય છે અને ત્યાં પણ નામ નોંધવાની વ્યવસ્થા કરેલી છે. આ ઉપરાંત અનુસૂચિત જાતિ અને અનુ. જન જાતિની કેટલીક સંસ્થાઓને પણ તેઓના બેરોજગારોના નામો નોંધી રોજગાર માટે નામો ભલામણ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલી છે. તે ઉપરાંત અનુ. જાતિ, જનજાતિના બેરોજગારો માટે જિલ્લાના પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીની કચેરીમાં પણ રોજગારી માટે નામ નોંધાવાની વ્યવસ્થા છે. અને અનુસ્નાતક બેરોજગારોનો અભ્યાસ હોઈ ઉપરોકત વિગતોની વિસ્તૃત નોંધ અસ્થાને હોઈ તેને ટાળ્યું છે. તે ઉપરાંત બેકારોને પણ વિવિધ વિભાગોમાં વિભાજન કરી જેવા કે અપંગ તથા વિશેષ આવડત ધરાવતા, કૌશલ્ય ન ધરાવતા વગેરે રાખી તેઓને તાલીમ અને માર્ગદર્શનની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

અનુસ્નાતક બેરોજગારોને લાગુ પડે છે ત્યાં સુધી ગુજરાતમાં કુલ ૬ યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રો રોજગારી અપાવવાની પ્રક્રિયામાં સહાયભૂત થઈ રહી છે. તેમાં ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, ભાવનગર યુનિવર્સિટી ભાવનગર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગર, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત અને એમ. એસ. યુનિવર્સિટી વડોદરાનો સમાવેશ થાય છે. આ કચેરીઓ યુનિવર્સિટીઓનાં કેમ્પસમાં સ્થિત છે. જયાં અનુસ્નાતક, વ્ય. સ્નાતક અને વિશિષ્ટ સ્નાતકોની નામ નોંધણી કરવામાં આવે છે. રોજગાર કચેરીમાં નામ નોંધાવનારની ઓછામાં ઓછી ૧૪ અને વધુમાં વધુ ૫૫ વર્ષની ઉંમર હોય છે. ગુજરાતનાં દરેક જિલ્લાઓને જે તે યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર સાથે સાંકળી લેવામાં આવ્યા છે. જેમકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આવેલા કેન્દ્રમાં જામનગર, જુનાગઢ, રાજકોટ અને ભુજ જિલ્લાનાં અનુસ્નાતક બેરોજગાર રોજગાર વાંચ્છુઓ નામ નોંધાવી શકે છે તેવીજ રીતે સુરેન્દ્રનગર, અમરેલી અને ભાવનગર જિલ્લાના અનુસ્નાતક બેકારો ભાવનગર યુનિવર્સિટીમાં નામ નોંધાવી શકે છે. તેવીજ રીતે ગુજરાત યુનિવર્સિટીમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા જિલ્લાનાં અનુસ્નાતક બેરોજગારો નામો નોંધાવી શકે છે જયારે એમ. એસ. યુનિવર્સિટીમાં

સ્થિત યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રમાં વડોદરા, પંચમહાલ અને ડાંગ જિલ્લાના અનુસ્નાતક રોજગાર વાચ્છુંઓ નામ નોંધાવી શકે છે. જ્યારે સરદાર પટેલ યુનિવર્સિટીના રોજગાર વિનિમય કેન્દ્રમાં સાબરકાંઠા, બનાસકાંઠા અને ખેડા જિલ્લાના અનુસ્નાતક બેકારો નામોની નોંધણી કરાવી શકે છે. તથા દક્ષિણ ગુજરાત યુનિ.માં વલસાડ, ભરુચ, સુરત જિલ્લાનાં અનુસ્નાતક બેકારો પોતાનાં નામોની નોંધણી કરાવી શકે છે.

<u>યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રનાં ઉદ્દેશો:-</u>

(૧) અનુસ્નાતક અને વ્યવસાય સ્નાતકોની નામ નોંધણી કરવી અને રોજગાર માટે ભલામણ કરવી.

(૨) રોજગાર વાંચ્છુઓને રોજગારીની તકો વિશે વાકેફ કરવા.

(૩) રોજગાર વાંચ્છુંઓની કારકિર્દી અંગે રોજગારી પ્રાપ્ત કરી શકે તે રીતનું માર્ગદર્શન પૂરું પાડવું.

(૪) કોલેજ લેવલે અભ્યાસ કરતા અને જેઓ આગળ અભ્યાસ કરવા ઇચ્છે છે તેઓને કોલેજોમાં જઇ શિબિરો ધ્વારા કારકિર્દી માટેનાં વાર્તાલાપો આપવા.

(૫) રાજ્યમાં ઉપલબ્ધ રોજગારીની તકો, અભ્યાસની તકો કે જેનાં વડે ઉત્કર્ષ કારકિર્દી ઘડી શકે તે હેતુક માર્ગદર્શન પૂરું પાડવું.

(૬) રાજ્યમાં ઉપલબ્ધ અભ્યાસો, આંતરરાજ્યમાં ઉપલબ્ધ અભ્યાસો, રાષ્ટ્રની તમામ યુનિવર્સિટીના અભ્યાસક્રમો તેની કારકિર્દી બનાવવામાં માર્ગદર્શન સાહિત્ય આપવું.

(૭) રાષ્ટ્રની બહાર વિદેશમાં ઉપલબ્ધ અભ્યાસો, સંશોધન કાર્યો, રાષ્ટ્રીય અને આં.રાષ્ટ્રીય શિષ્યવૃત્તિઓ, વિદેશની યુનિવર્સિટીમાં ઉપલબ્ધ અભ્યાસ સગવડોની અદ્યતન માહિતી પૂરી પાડવી.

(૮) સ્પર્ધાત્મક પરીક્ષા માટે પુરતું માર્ગદર્શન આપવું.

(૯) પૂર્વ સેવા તાલીમ વર્ગો યુનિ. સાથે સંકલન શકય બને તો યોજવા તથા ઉમેદવારોને વાકેફ કરવા.

(૧૦) બેરોજગારીની સમસ્યા એ રાષ્ટ્રીય પ્રશ્ન વિકૃત સ્વરૂપ ધારણ કરી રહયો છે એ સંજોગોમાં સવેતન રોજગારીની તકો મર્યાદિત હોઇ

(૧૧) રોજગાર વિનિમય કચેરીઓ નોકરી આપી શકતી નથી પરંતુ રોજગાર વાંચ્છુંની લાયકાત, અનુભવ અને રોજગાર કચેરીમાં દફતર પરનો ક્રમ વિગેરે ધ્યાનમાં લઈ નોકરીદાતાઓએ મોકલેલ જગ્યા સામે અનુરૂપ જણાય ત્યાં રોજગાર વાંચ્છુંના નામની ભલામણ કરવી.

**XXXX નામ નોંધણીની પધ્ધતિ:-**

(૧) યુનિ. રોજગાર કેન્દ્રમાં અનુસ્નાતક, વ્ય. સ્નાતક અને વિશિષ્ટ સ્નાતકોની નામ નોંધણી કરવામાં આવે છે. રોજગાર વાંચ્છુંની ઓછામાં ઓછી ૧૪ અને વધુમાં વધુ વય ૫૫ વર્ષની હોવી જોઈએ.

(૨) નામ નોંધાવનાર રોજગાર વાંચ્છું પોતાના તમામ અસલ પ્રમાણ-પત્ર સાથે રોજગાર કચેરીનો સંપર્ક સાધીને અથવા રોજગાર અધિકારી નાં તાલુકા નોંધણી કેમ્પ વખતે અથવા અનુ.સ્નાતક અને વ્ય.સ્નાતકની સ્થાનિક કચેરીની મુલાકાત લઈ યુ.રો. કચેરીમાં પોતાના નામની નોંધણી કરાવે છે.

(૩) ઉમેદવાર નામ નોંધણી ટપાલ ધ્વારા કરવામાં આવતી નથી પરંતુ પોસ્ટ ધ્વારા નોંધણી તાજી કરાવી શકે છે.

(૪) નોંધ નોંધાવનાર રોજગાર વાંચ્છુંઓએ પોતે પોતાનાં તમામ અસલ પ્રમાણપત્ર લઈ હાજર રહેવું પડે છે. કોઈના વતી કોઈ નામ નોંધણી કરાવી શકતું નથી.

(૫) રોજગાર વાંચ્છું પોતાના નામની નોંધણી ગુજરાત રાજ્યની કોઈ પણ એક રોજગાર કચેરીમાં પોતાના નામની નોંધ કરાવી શકે છે. એક સાથે બે નામ નોંધણી ઉમેદવાર ધારણ કરી શકતો નથી. બીનગુજરાતી ઉમેદવાર મામલતદારનો છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતમાં રહે છે તે અંગેનો દાખલો અને આનુષાંગિક પુરાવા જોઈ તપાસ કર્યા બાદ નામ નોંધણી કરાવી શકે છે.

(૬) રોજગાર વાંચ્છુંને નોકરીદાતા તેમને નોકરીમાંથી છુટા કરે તો છુટા થવાની તારીખથી ત્રણ માસની અંદર છુટા થવાનું પ્રમાણપત્ર રોજગાર કચેરીમાં રજૂ કરવાથી રોજગાર વાંચ્છુંની નોંધણી પુનઃ જુના નંબરથી ચાલું કરી આપવામાં આવશે.

રોજગાર વાંચ્છુઓનાં નામની ભલામણ પધ્ધતિ:-

(૧) રોજગાર વિનિમય કચેરી નોકરીદાતા તરફથી નોંધાતી ખાલી જગ્યાઓ માટે એક (૧) જગ્યા સામે સામાન્યતઃ દશ (૧૦) ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે.

(૨) રોજગાર કચેરીએ નોંધાયેલ મોટાભાગના ઉમેદવારને તેમની નોંધણી ક્રમાંકની અગ્રતાક્રમમાં ઓછામાં ઓછી ભલામણની ત્રણ સાંપડે તેવી રીતે ભલામણ કરવામાં આવે છે. જેમને ત્રણ તકો મળી ગઈ હોય તેવા ઉમેદવારોનાં કાર્ડ સુષુપ્ત યાદી (ડોરમેન્ટ લિસ્ટ) માં મૂકવામાં આવે છે અને ત્યાર બાદ તે પછીના એક વર્ષથી કે તેથી વધુ સમયથી નોંધાયેલ અન્ય ઉમેદવારોને પણ ભલામણની ત્રણ તકો આપવામાં આવે છે. વળી પાછા અગાઉ સુષુપ્ત યાદીમાં રાખેલ ઉમેદવારોને માટે બીજીવાર ભલામણની ત્રણ તકો મળી રહે તેમ તેમની ભલામણ કરવામાં આવે છે. જેથી નોંધાયેલા મોટા ભાગના ઉમેદવારોને ભલામણની તકો મળી રહે છે.

(૩) નામ નોંધણી કરાવ્યા બાદ રોજગાર-વાંચ્છુ જ્યારે પણ વધારાની શૈક્ષણિક લાયકાત- અનુભવ મેળવે ત્યારે તેની નોંધણી રોજગાર કચેરીમાં જરૂરી પ્રમાણપત્ર લઈ કરાવી શકે છે. પોસ્ટ ધ્વારા પણ ખરી નકલ મોકલી તેમ કરાવી શકે છે. જે તારીખે વધારાની લાયકાત નોંધવામાં આવશે તે તારીખથી તે વધારાની લાયકાતને અનુરૂપ વ્યવસાય માટે તેમની સીનીયોરીટી ગણવામાં આવશે.

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રની કેટલીક વિશેષ સેવાઓ:-

(૧) રોજગાર વિનિમય કચેરી રોજગાર શોધવા આવતા ઉમેદવારોને તદ્દન મફત અને બિનપક્ષપાતભરી સેવા પૂરી પાડે છે. રોજગાર વિનિમય કચેરીમાં કોઈપણ કાર્ય માટે ફી લેવામાં આવતી નથી.

(૨) રાજ્ય સરકાર, મધ્યસ્થ સરકાર, રાષ્ટ્રીયકૃત બેંક, જિલ્લા પંચાયતો વગેરેની જાહેરક્ષેત્રની કચેરીઓમાં જગ્યાઓ માટે વર્તમાનપત્રોમાં જાહેરાત આપી સીધી ભરતી થાય છે તેથી વર્તમાનપત્રોમાં આવતી જાહેરાતો સામે રોજગાર વાંચ્છુઓને અરજી કરતા રહેવાની સલાહ આપવામાં આવે છે.

...૧૭...

(૩) રોજગાર કચેરીમાં વ્યવસાયિક માહિતી ખંડની વ્યવસ્થા હોય છે જ્યાં જુદાજુદા વ્યવસાયો અંગેની પુસ્તિકાઓ, વર્તમાનપત્રોની જાહેરાતો તેમજ ગુજરાત રોજગાર સમાચાર વગેરે ઉપયોગી સાહિત્ય મૂકવામાં આવે છે. તથા ઉજ્જવળ કારકિર્દી બનાવવા અંગેની સંપૂર્ણ વિગતો પણ પૂરી પાડવામાં આવે છે.

(૪) પછાત વર્ગોના ઉમેદવારોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જરૂર જણાયે ખાસ વર્ગો ચલાવવામાં આવે છે.

(૫) આ ઉપરાંત સ્વરોજગારી અપનાવવા અંગેની યોજનાઓ જેવી કે (૧) બિજ મૂડી યોજના (૨) બેંકેબલ યોજનાઓ (૩) સ્વ. રોજગારી અંગે આર્થિક સહાય યોજના (૪) શિક્ષિત બેરોજગાર સહાય યોજના અંગેની વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવે છે.

ooooo
o8o

## ભાગ-૨

### -:સંવૈધાનિક જોગવાઈઓ:-

ભારતીય સમાજ વ્યવસ્થાને ધ્યાને લઈએ તો તે જ્ઞાતિ પ્રધાન સમાજ વ્યવસ્થા હતી અને છે. તેને લઈને ઘણાં અનિષ્ટો અસ્તિત્વમાં આવ્યા છે. અને તેનો ભોગ કેટલીક નિશ્ચિત સમાજ વ્યવસ્થાના ભાગને બનવું પડયું છે. આ વર્ગ ઉત્તરોત્તર રાજય વ્યવસ્થા બદલાવાને કારણે થોડો સ્થિર થતો ગયો. છેવટે આપણો દેશ અંગ્રેજોના આધિપત્ય હેઠળથી સ્વતંત્ર બન્યો અને લોકશાહી રાજય વ્યવસ્થા સ્થપાતા કચડાયેલા, દબાયેલા, શોષાયેલા અને સમાજ વ્યવસ્થાના શોષણનાં ભોગ બનેલ વર્ગને સંવિધાનમાં કેટલીક વિશિષ્ટ સવલતો આપવામાં આવી જેથી કરીને તેઓને થતા અન્યાયો દૂર થાય. તેઓ અન્ય સમાજની હરોળમાં આવી ઉભો રહી શકે.

આમ ભારતીય રાજય બંધારણમાં દર્શાવેલ રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંત અન્વયે ભારતીય સમાજનાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે નબળા જૂથોની જવાબદારી વહન કરવાનું સ્વીકારેલું તેને અનુલક્ષીને બંધારણની કલમ ૩૪૧ અને ૩૪૨ મુજબ આ પિડીત સમાજને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તરીકે જાહેર કરવામાં આવી. તેની સાથેસાથે તેઓનાં સર્વાંગી કલ્યાણ અર્થે જુદીજુદી જોગવાઈઓ કરવામાં આવી.

આ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે જે વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે તેમાં સંવિધાનની કલમ ૩૩૫ અને (૧૬(૪)માં નીચે પ્રમાણે જોગવાઈ છે.

૩૩૫ : ''સંઘના અથવા રાજયના કામકાજ સાથે સંબંધ ધરાવતી સેવાઓ અને જગ્યાઓ પર નિમણૂંક કરવામાં વહીવટી કાર્યક્ષમતાની જાળવણીને સુસંગત હોય તે રીતે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યોના હકદાવા વિચારણામાં લેવામાં આવશે.''

૧૬(૪) : ''રાજયના અભિપ્રાય પ્રમાણે રાજય હેઠળની નોકરીઓમાં જેમને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું ન હોય એવા નાગરિકોના કોઈ પછાત વર્ગના લાભમાં નિમણૂંકો અથવા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં રાજયને આ કલમના કોઈ મજકુરથી બાધ આવશે નહિ.''

ગુજરાત સરકારે પણ સરકારી સેવામાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગો સંબંધમાં ભરતી તથા બઢતીમાં અનામત વ્યવસ્થા, વયમર્યાદામાં છૂટછાટ, અન્ય રાહતો સંબંધી હુકમો કરવા અંગે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭નાં નિયમ- ૧૬(ખ)થી જોગવાઈ કરેલ છે.

રાજ્યની સરકારી સેવા ઉપરાંત પંચાયત સેવા, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાઓ, સ્થાનિક સંસ્થાઓ, સરકાર પાસેથી લોન, આર્થિક સહાય મેળવતી સંસ્થાઓ અને જેમની લોનની ગેરંટી (બાંહેધરી) સરકાર આપે છે તેવી સંસ્થાઓને પણ જગ્યાઓ અનામત રાખવા અંગેની જોગવાઈઓ લાગું પડે છે.

ભૂતપૂર્વ મુંબઈ રાજ્યમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં પછાતવર્ગના ઉમેદવારો માટે જુદી ટકાવારી નિયત કરવામાં આવી હતી. આ જુદા જુદા ધોરણોમાં એકરૂપતા લાવવા માટે તા. ૨૦-૯-૬૯ ના ઠરાવથી સરકારે સમગ્ર ગુજરાત રાજ્ય માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ના ઉમેદવારો માટે સરકારી સેવાઓમાં ચોક્કસ પ્રમાણમાં ટકાવારી નિયત કરતા હુકમો કર્યા હતા. આ મુજબ વર્ગ-૧ અને વર્ગ-૨માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનુક્રમે ૫ અને ૧૦ ટકાની જોગવાઈ હતી. જ્યારે વર્ગ-૩ અને વર્ગ-૪ના આ બંને જાતિના ઉમેદવારો માટે નોકરીમાં અનુક્રમે ૭ અને ૧૪ ટકાની અનામત જગ્યાઓ રાખવામાં આવી હતી.

ઉપરોક્ત જોગવાઈઓ રાજ્યકક્ષાની જગ્યાઓ માટે હતી. જ્યારે જિલ્લામાં વસ્તીના ધોરણે અલગ અલગ ટકાવારી નિયત કરવામાં આવી હતી અને ૧૯૭૧માં વસ્તી ગણતરી થતાં તેને આધારે ઉપર જણાવેલ વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ માટે અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિનાં ઉમેદવારો માટે અનુક્રમે ૫ અને ૧૦ ટકાની જોગવાઈઓમાં છેલ્લે ૧-૧૦-૧૯૭૪થી સુધારો કરી તેને અનુક્રમે ૭ ટકા અને ૧૪ ટકા કરવામાં આવી હતી. જ્યારે જિલ્લા કક્ષાએ પણ જિલ્લાની વસ્તીના પ્રમાણમાં અનામત જગ્યાઓની જોગવાઈ કરવામાં આવી હતી.

નિશ્ચિત ટકાવારી મુજબ અનુસૂચિત જાતિ અને જનજાતિનાં ઉમેદવારોને નોકરી આપવામાં આવે છે કે કેમ તે નિશ્ચિત કરવાના

હેતુથી વર્ગ-૧ અને વર્ગ-૨માં તા. ૧-૧-૭૧ થી અને વર્ગ-૩ અને વર્ગ-૪માં તા. ૨૦-૬-૭૩ થી રોસ્ટર પધ્ધતિ અપનાવવાની સૂચના પણ આપવામાં આવી હતી.

આમ સમગ્ર રીતે જોતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓને સરકારી સેવાઓનો અને જાહેર સંસ્થાઓમાં નિયત ટકાવારી મુજબ નોકરી મળે તે માટે પ્રયત્નો થઈ રહયા છે. તેમ છતાં અર્ધ સરકારી, શૈક્ષણિક સંસ્થાઓ, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ, પંચાયત સેવાઓમાં અને યુનિ.માં અનામત નીતિનું યોગ્ય અમલીકરણ થતું નથી. તે અંગેની ઘણી ફરિયાદો લાગતી વળગતી કચેરીઓ તથા સરકાર સમક્ષ થાય છે. આ પરિસ્થિતિમાં વિવિધ સરકારી ખાતા, જિલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓમાં, શૈક્ષણિક સંસ્થાઓ, સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ વિગેરેમાં અનામત નીતિનું અમલીકરણ કેવી રીતે અને કેટલા પ્રમાણમાં થાય છે- એટલે કે નકકી થયા પ્રમાણે અનામત જગ્યાઓ ભરાઈ છે કે કેમ? તે અંગેનાં વ્યવસ્થિત ધોરણે અભ્યાસ થયા નથી. આવો અભ્યાસ થાય તો ઘણી બધી અસંદિગ્ધ બાબતો પ્રકાશમાં આવે. અને તે બેરોજગારોને રોજગારી અપાવવા બાબતનું આયોજન કરવામાં સહાયભૂત બની શકે.

<u>અભ્યાસનાં હેતુઓ</u>:-

(૧) પ્રસ્તુત અભ્યાસમાં અનુસૂચિત જાતિના અનુસ્નાતક થયેલા બેકાર યુવાનોને જે તે પદવી મેળવ્યા પછી કેટલા સમય માટે બેરોજગાર રહેવું પડે છે તે અંદાજવું.

(૨) અનુસૂચિત જાતિમાં અનુસનાતકોનું પ્રમાણ ઓછું છે. બીજી તરફ તેઓ માટે નોકરીમાં અનામત જગ્યાઓની વ્યવસ્થા કરવામાં આવેલી છે તેમ છતાં તેઓને રોજી મેળવવામાં હાડમારી સહન કરવી પડે છે તેના માટે કઈ પરિસ્થિતિ જવાબદાર છે તે જાણવું.

(૩) બેરોજગારીની અવસ્થામાં અનુસ્નાતકોની માનસિક, આર્થિક અને સામાજિક સ્થિતિનો અભ્યાસ કરવો.

(૪) અનુસૂચિત જાતિનાં બેકાર યુવાનોના કુટુંબની આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ તપાસવી.

(૫) નોકરી મેળવવા માટે પડતી મુશ્કેલીઓનો ક્યાસ બેરોજગાર

XXX XXXXXXXXXX અનુસ્નાતકોનાં અનુભવો ધ્વારા કાઢવો.

(૬) રાજ્ય સરકાર ધ્વારા રોજગારી ઉપલબ્ધ કરાવવાનાં પ્રયાસોની યથાર્થતા તપાસવી.

અભ્યાસ પધ્ધતિ:-

પ્રસ્તુત અભ્યાસ ટપાલ પધ્ધતિથી પ્રશ્નાવલી ધ્વારા કરવામાં આવ્યો હતો. તેનાં માટે પ્રથમ કાર્યક્ષેત્ર નકકી કરવામાં આવ્યું હતું. કાર્યક્ષેત્રમાં ગુજરાતની ત્રણ યુનિવર્સિટીઓમાં કાર્યરત યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રોમાં નોંધાયેલા અનુસૂચિત જાતિનાં અનુસૂચિત અનુસ્નાતક બેરોજગારોની યાદી મેળવવામાં આવી હતી. આ ત્રણ યુનિવર્સિટીમાં ૧. ગુજરાત યુનિવર્સિટી ૨. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમાંથી નિયત ટકાવારી પ્રમાણે બેરોજગારોને પસંદ કરી અભ્યાસ માટે તૈયાર કરવામાં આવેલી પ્રશ્નાવલી મોકલી આપવામાં આવી હતી. ત્યારબાદ જે પ્રશ્નાવલીઓ ભરાઇને પરત આવી હતી તેની વિગતોને આધારે પ્રસ્તુત અભ્યાસ તૈયાર કરવામાં આવ્યો હતો.

અભ્યાસ માટે કુલ ૪૧૯ બેરોજગાર વાંચ્છુંઓને પ્રશ્નાવલી મોકલવામાં આવી હતી. તેમાં તા. ૬-૭-૮૮ના રોજ ૩૭ તા.૨૯-૯-૮૮ ના રોજ ૨૭ તથા તા. ૧૦-૧૦-૮૮ના રોજ ૧૫૦ પ્રશ્નાવલી પોસ્ટ ધ્વારા મોકલી હતી. ત્યારબાદ તા. ૨૧-૧૦-૮૮ તથા તા.૨૫-૧૦-૮૮ ના રોજ સ્મૃતિપત્રો પણ પાઠવ્યા હતા. પ્રશ્નાવલી તેમજ સ્મૃતિપત્ર અનુક્રમે પારિશિષ્ટ ૧ અને ૨ માં મુકવામાં આવ્યા છે.

નમુનાં પસંદગી:-

આગળ દર્શાવ્યા મુજબ ગુજરાતની ૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ૨. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને ૩. એમ.એસ. યુનિવર્સિટી વડોદરામાં નોંધાયેલા અનુસૂચિત જાતિના અનુસ્નાતક બેરોજગારોની યાદી મેળવી હતી. તેમાં કુલ અનુસૂચિત જાતિના અનુસ્નાતક રોજગાર વાંચ્છુંઓનાં ૫૦ ટકાને પ્રશ્નાવલી પોસ્ટ ધ્વારા મોકલવાનું ધોરણ રાખ્યું હતું. તે મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૭૨ અનુસૂચિત જાતિનાં અનુસ્નાતક રોજગાર વાંચ્છુંઓ નોંધાયા હતા. તેમાંના ૩૭ રોજગાર વાંચ્છુંઓને પ્રશ્નાવલી મોકલી હતી જયારે ગુજરાત યુનિવર્સિટીમાં ૩૦૫

અનુસૂચિત જાતિનાં અનુસ્નાતક રોજગાર વાંચ્છુંઓ નોંધાયા હતા તેના ૫૦ ટકા લેખે ૧૫૦ રોજગાર વાંચ્છુંઓને પ્રશ્નાવલી પોસ્ટ ધ્વારા મોકલી હતી જયારે એમ. એસ. યુનિવર્સિટીમાં અનુ.જાતિનાં અનુસ્નાતક રોજગાર વાંચ્છુંઓ ૫૫ નોંધાયા હતા તેમાંના ૨૭ રોજગાર વાંચ્છુંઓને પ્રશ્નાવલી પોસ્ટ ધ્વારા મોકલી આપી હતી.

પોસ્ટ ધ્વારા મોકલી આપેલ પ્રશ્નાવલીમાંથી સૌરાષ્ટ્ર યુનિ.માં ૧૨, ગુજરાત યુનિવર્સિટીમાં ૩૧ અને એમ. એસ. યુનિવર્સિટીમાં ૭ એમ કુલ ૫૦ અનુસ્નાતક અનુસૂચિત જાતિનાં અનુસ્નાતક બેરોજગારોએ પ્રશ્નાવલી ભરીને પરત મોકલી આપી હતી.

પ્રસ્તુત અભ્યાસના માહિતીદાતાઓએ આપેલી માહિતીનું વર્ગીકરણ જોઈએ તે પહેલાં એક પૂરક માહિતી છે તેને જોઈ લેવી આપણા માટે વિશેષ સુસંગત બનશે તે છે. અભ્યાસ માટે આવરી લીધેલ ત્રણ યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રોમાં નોંધાયેલ રોજગારી વાંચ્છુંઓની સંખ્યાત્મક વિગત કોઠા નં. ૧ માં જોઈએ.

પસંદ કરેલ યુ. રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રમાં નોંધાયેલા બેરોજગારોની જાતિ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતું પત્રક.

| સં.નં. | જાતિ | યુ.રોજગાર માહિતી અને માર્ગદર્શક કેન્દ્ર રાજકોટ | | | યુ. રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર વડોદરા | | | યુ.રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર અમદાવાદ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | કુલ (ટકા) |
| ૧. | અનુ. જાતિ. | ૫૬ | ૯ | ૬૫ | ૪૬ | ૯ | ૫૫ | ૨૧૧ | ૫૪ | ૨૬૫ | ૩૮૫ (૪.૭૨) |
| ૨. | અનુ. જનજાતિ. | ૨ | ૧ | ૩ | ૨૨ | ૨ | ૨૪ | ૧૧ | ૬ | ૧૭ | ૪૪ (૦.૫૪) |
| ૩. | બક્ષીપંચ | ૬૭ | ૧૦ | ૭૭ | ૫૯ | ૧૫ | ૭૪ | ૧૪૩ | ૩૨ | ૧૭૫ | ૩૨૬ (૪.૦૦) |
| ૪. | અપંગ | ૧૬ | ૭ | ૨૩ | ૧૪ | ૩ | ૧૭ | ૩૨ | ૯ | ૪૧ | ૮૧ (૦.૯૯) |
| ૫. | અન્ય | ૧૧૪૨ | ૪૨૭ | ૧૫૬૯ | ૧૨૬૩ | ૬૧૮ | ૧૮૮૧ | ૨૫૬૩ | ૧૨૦૯ | ૩૮૭૨ | ૭૩૨૨ (૮૯.૭૫) |
| | | ૧૨૮૩ | ૪૫૪ | ૧૭૩૭ | ૧૪૦૪ | ૬૪૭ | ૨૦૫૧ | ૨૯૬૦ | ૧૩૮૦ | ૪૩૭૦ | ૮૧૫૮ (૧૦૦.૦૦) |

ઉપરોકત કોઠામાં જોતા જણાય છે કે ગુજરાતમાં સૌથી મોટી યુનિવર્સિટી એ ગુજરાત યુનિવર્સિટી છે. તેમાં અનુસ્નાતક રોજગાર વાંચ્છુંઓની સંખ્યા વિશેષ છે. બીજી બાબત એ પણ જોવા મળે છે કે કોઠામાં છે અ.જા, અ.જ.જા., બક્ષીપંચ, અપંગ એમ ચાર પછાત કે અન્ય રીતે પછાત વર્ગોમાં કોઠાનાં આંકડાને આધારે એમ સ્પષ્ટ થાય છે કે એ ચાર વર્ગમાં અનુ.જાતિમાં અનુસ્નાતક બેકારોનું પ્રમાણ વિશેષ છે જયારે અનુ. જનજાતિમાં અનુસ્નાતક બેકારોનું પ્રમાણ સૌથી ઓછું છે. એવી જ રીતે અનુસૂચિત જાતિમાં સ્ત્રી અનુસ્નાતક બેકારોનું પ્રમાણ પણ વિશેષ જણાઈ આવે છે. ખાસ બાબત આ પત્રક સૂચવે છે. તે એ છે કે અનુસ્નાતકોમાં બેકારી દરેકે દરેક સંવૈધાનિક વર્ગોમાં જોવા મળે છે. જો કે તેનું પ્રમાણ વધતું ઓછું છે.

આગળ જણાવ્યું તેમ અભ્યાસ ૫૦ અનુસૂચિત જાતિના અનુસ્નાતક બેકારોની માહિતીના આધારે છે. આ માહિતી દાતાઓ કઈ કઈ પદવી ધરાવે છે તથા તેમના લીંગ પ્રમાણેની વિગતો કોઠા નં.-૨ માં જોઈએ.

**કોઠા નં. ૨.૨**

ઉત્તરદાતાઓનું લીંગ પ્રમાણે વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | લીંગ પ્રમાણે ઉત્તરદાતા | | |
|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | કુલ |
| ૧. બી.ઈ. સીવીલ | ૧૭ | - | ૧૭ |
| ૨. એમ.એ.બી.એડ. | ૭ | ૧ | ૮ |
| ૩. એમ.એ. | ૫ | ૩ | ૮ |
| ૪. એમ.કોમ. | ૭ | ૧ | ૮ |
| ૫. બી.કોમ.એલ.એલ.બી. | ૧ | ૧ | ૨ |
| ૬. એમ.એસ.ડબલ્યુ/એમ.એલ.ડબલ્યું. | ૩ | - | ૩ |
| ૭. બી.ઈ. મીકે. | ૨ | - | ૨ |
| ૮. બી.એ.એમ.એસ. | ૨ | - | ૨ |
| કુલ | ૪૪ | ૬ | ૫૦ |
| ટકા | ૮૮.૦૦ | ૧૨.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોકત પત્રક જોઈએ તો કુલ રોજગારવાંચ્છું અનુસ્નાતક માહિતીદાતાઓમાં ૪૪ પુરૂષ અને ૬ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. તેઓની પદવી પ્રમાણે ૧૭ સીવીલ એન્જીનેરો, ૮ એમ.એ.બી.એડ, ૮ એમ.એ., ૮ એમ. કોમ, ૨ બી.કોમ. એલ. એલ. બી., ૩ એમ. એસ. ડબલ્યું, ૨ બી. ઈ. મીકેનીકલ અને ૨ બી.એ. એમ. એસ.નો સમાવેશ થાય છે. આ આંકડાઓ કેટલીક બાબતો સૂચવે છે. જેમ કે ખાસ કરીને ઈજનેરી અભ્યાસ ધરાવતા બેરોજગારોએ વિશેષ પ્રતિભાવ આપ્યો છે. જ્યારે તબીબી અભ્યાસુઓ બીલકુલ પ્રતિભાવ આપ્યો નથી. તેવી જ રીતે અન્ય પદવી જેવી કે એમ.એ., એમ. કોમ. વિગેરે પદવી ધરાવતા અનુસ્નાતકોનો પ્રતિભાવ પણ મધ્યમ રહયો છે તેમ કહી શકાય. આ બાબત પણ બેરોજગાર અનુસ્નાતકોની કેટલી સતર્કતા, સૂઝ, વ્યવસ્થાપનનો ગુણ વિગેરે બાબતોનું પ્રતિબિંબ અવશ્ય આપે છે.

આપણી ભારતીય સમાજ વ્યવસ્થામાં જાતિ પાતિ એ તો એનું અભિન્ન અંગ બની ગયું છે. ત્યાં સુધી કે સંશોધનકારો પણ તેને દૂર રાખી શકતા નથી. અભ્યાસમાં જેઓએ માહિતી પૂરી પાડી હતી તેઓનું જાતિવાર વર્ગીકરણ કોઠા નં.૩માં દર્શાવ્યું છે.

## કોઠા નં.૨.૩.

### જાતિવાર ઉત્તરદાતાઓની વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | શિક્ષણનું સ્તર | વણકર | ચમાર | ગરોડા | ભંગી | સેનવા | મોચી | અ.જા. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | બી.ઈ.સીવીલ | ૬ | ૫ | | | | ૪ | ૨ | ૧૭ |
| ૨. | એમ.એ.બી.એડ. | ૫ | | ૧ | ૧ | | | ૧ | ૮ |
| ૩. | એમ.એ. | ૪ | | ૧ | ૧ | | ૧ | ૧ | ૮ |
| ૪. | એમ.કોમ. | ૬ | | ૧ | | | ૧ | | ૮ |
| ૫. | બી કોમ.એલ.એલ.બી | | | | | | | ૨ | ૨ |
| ૬. | એમ.એસ.ડબલ્યુ/ એમ.એલ.ડબલ્યુ. | ૧ | ૧ | | ૧ | | | | ૩ |
| ૭. | બી.ઈ.મીકે. | ૧ | | | | | | ૧ | ૨ |
| ૮. | બી.એ.એમ.એસ. | ૧ | | ૧ | | | | | ૨ |
| | કુલ | ૨૪ | ૬ | ૪ | ૩ | – | ૬ | ૭ | ૫૦ |
| | ટકા | ૪૮.૦૦ | ૧૨.૦૦ | ૮.૦૦ | ૬.૦૦ | | ૧૨.૦૦ | ૧૪.૦૦ | ૧૦૦.૦૦ |

ગુજરાતમાં કુલ- ૩૦ જાતિઓનો સમાવેશ અનુસૂચિત જાતિમાં કરવામાં આવ્યો છે. પરંતુ અભ્યાસમાં જેઓએ માહિતી પૂરી પાડી હતી તેમાં ૬ જુદી જુદી જાતિઓનાં માહિતી દાતાઓનો સમાવેશ થાય છે. જ્યારે ૭ માહિતી દાતાઓએ તેમની પેટાજાતિ જણાવી નહતી પરંતુ અ.જાતિ એમ દર્શાવ્યું હતું. અનુસુચિત જાતિમાં શિક્ષણનું પ્રમાણ વણકર જાતિમાં વિશેષ છે તે બાબતનું અહે પ્રતિબિંબ પડે છે. કુલ ૫૦ માહિતીદાતામાં ૨૪ એટલે કે લગભગ ૫૦ ટકા માહિતી દાતા વણકર હતા. ૬ ચમાર, ૪ ગરોડા, ૩ ભંગી અને ૬ મોચી જાતિના હતા.

જ્યાં લગી રોજગારીને સંબંધ છે ત્યાં સુધી વય એ ખુબ જ મહત્વની બાબત છે. ૩૦ વર્ષની વય સુધી બેકારો નોકરી માટે અરજી કરી શકે છે. તેમાં અનુ.જાતિ અને અનુ.જનજાતિનાં બેકારોને વિશેષ ૫ વર્ષની છૂટ આપવામાં આવે છે.

[illegible]

## ઉત્તરદાતાની ઉંમર દર્શાવતું પત્રક.

| ક્ર.નં. | શિક્ષણનું સ્તર | ઉત્તરદાતાની ઉંમર (વર્ષમાં) | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૪૧ | કુલ |
| ૧. | બી.ઈ.સીવીલ | ૧ | ૧ | ૪ | ૧ | ૩ | ૪ | ૩ | – | – | – | – | – | ૧૭ |
| ૨. | એમ.એ.બી.એડ. | – | – | – | ૧ | ૧ | – | ૨ | – | ૧ | ૨ | – | ૧ | ૮ |
| ૩. | એમ.એ. | – | – | – | ૨ | – | ૧ | ૨ | ૨ | – | – | ૧ | – | ૮ |
| ૪. | એમ.કોમ. | – | – | ૩ | – | – | ૨ | ૧ | ૨ | – | – | – | – | ૮ |
| ૫. | બી.કોમ.એલ.એલ.બી. | – | – | – | – | – | ૧ | – | ૧ | – | – | ૧ | – | ૩ |
| ૬. | એમ.એસ.ડબલ્યું/એમ.એલ.ડબલ્યું. | – | – | – | ૧ | ૧ | – | – | – | – | – | – | – | ૨ |
| ૭. | બી.ઈ.મીકે. | – | – | – | – | – | ૧ | – | ૧ | – | – | – | – | ૨ |
| ૮. | બી.એ.એમ.એસ. | – | – | – | – | ૧ | – | – | – | – | ૧ | – | – | ૨ |
| | કુલ | ૧ | ૧ | ૭ | ૫ | ૬ | ૯ | ૮ | ૬ | ૧ | ૩ | ૨ | ૧ | ૫૦ |
| | ટકા | ૨% | ૨% | ૧૪% | ૧૦% | ૧૨% | ૧૮% | ૧૬% | ૧૨% | ૨% | ૬% | ૪% | ૨% | ૧૦૦% |

ઉપરનાં કોઠાની વિગતો દર્શાવે છે કે ૧. ઉમેદવાર નોકરી મેળવવા માટેની નિશ્ચિત વય વટાવી ચુકયા છે જયારે ૨. ઉમેદવારો હવે તે વય વટાવવાને નજીક આવી ગયા છે. જો કે મોટાભાગના મા હિતીદાતાઓની ઉંમર હજુ સરકારે નિશ્ચિત કરેલ ૩૦ વર્ષની અંદરની ઉંમર ધરાવે છે. અને એ યાદ રહે કે અનુ.જાતિ અને અનુ. જનજાતિનાં ઉમેદવારોને ૫ વર્ષની છૂટછાટ મળતા તેઓ ૩૫ વર્ષની વય સુધી નોકરી માટે અરજી કરી શકે છે.

અનુસૂચિત જાતિનાં રોજગાર વાંચ્છુ બેકારોની વિગતોને વધુ ઊંડાણપૂર્વક સમજવા ખાતર મા હિતીને શકય એટલી રીતે વર્ગીકૃત કરવાનો પ્રયત્ન કરેલ છે. મા હિતીદાતાઓ કયા જિલ્લાના કેટલા હતા તે કોઠા નં.૫માં દર્શાવ્યું છે.

<u>કોઠા નં. ૨.૫</u>

જિલ્લાવાર ઉત્તરદાતાઓની સંખ્યા
દર્શાવતું પત્રક.

| ક્રમ જિલ્લો | પી.ડી. બીજી | એમ.એ. વાર્ષિક. | એમ.એ. | એમ.કોમ | પી.કોમ. એલ.એલ.બી. | એમ.એસ. ડબલ્યુ એમ.એસ. ડબલ્યુ | પી.ટી. પાર્ટ. | પી.એ. એમએસ. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. અમદાવાદ | ૩ | ૪ | ૭ | ૫ | ૨ | - | - | ૧ | ૨૨ |
| ૨. મહેસાણા | ૪ | ૨ | - | - | - | - | - | - | ૬ |
| ૩. ખેડા | - | - | - | - | - | ૧ | - | - | ૧ |
| ૪. વડોદરા | ૨ | - | - | ૧ | - | - | ૧ | ૧ | ૫ |
| ૫. ભરુચ | - | - | - | - | - | ૧ | - | - | ૧ |
| ૬. સુરત | ૧ | - | - | - | - | - | - | - | ૧ |
| ૭. સાબરકાંઠા | ૧ | - | - | - | - | ૧ | - | - | ૨ |
| ૮. રાજકોટ | ૪ | - | - | - | - | - | - | - | ૪ |
| ૯. સુરેન્દ્રનગર | - | - | ૧ | ૧ | - | - | ૧ | - | ૨ |
| ૧૦. જામનગર | ૧ | ૧ | - | ૧ | - | - | ૧ | - | ૪ |
| ૧૧. જુનાગઢ | ૧ | ૧ | - | - | - | - | - | - | ૨ |
| કુલ | ૧૭ | ૮ | ૮ | ૮ | ૨ | ૩ | ૨ | ૨ | ૫૦ |
| ટકા | ૩૪% | ૧૬% | ૧૬% | ૧૬% | ૪% | ૬% | ૪% | ૪% | ૧૦૦% |

ઉપરનાં આંકડા જોતા ખ્યાલ આવે છે કે જુદા જુદા કુલ ૧- જિલ્લાના બેકાર માહિતીદાતાઓએ માહિતી પૂરી પાડી હતી તેમાં સૌથી વધુ ૨૨ માહિતીદાતા અમદાવાદ જિલ્લાનાં હતા. જ્યારે ૬ મહેસાણા જિલ્લાનાં, ૫ વડોદરા જિલ્લાનાં હતા. તે ઉપરાંત ભરુચ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, જુનાગઢ, સુરત વિગેરે જિલ્લાના બેરોજગાર અનુસ્નાતકોએ માહિતી પૂરી પાડી હતી.

<u>વૈવાહિક દરજ્જો</u>:- બેકારી અને બેકાર વચ્ચે ઘણાં બધી એવી સ્થિતિ આવે છે જે તેને ખૂબ જ અસર કરે છે. આવી એક સ્થિતિ તરીકે આપણે વૈવાહિક દરજ્જાને લઈ શકીએ. બેરોજગારી વહન કરતા બેરોજગારવાંચ્છું જો પરિણીત હોય કે અપરિણીત હોય તો કેવી કેવી અસર પડે તેની ખંડનાત્મક અને હકારાત્મક અસારો છે તેની વિશેષ ચર્ચા કોઠા નં.૬નાં આંકડાના વિશ્લેષણ વખતે જોઈએ.

<u>કોઠા નં. ૨.૬</u>

ઉત્તરદાતાના વૈવાહિક દરજ્જા અંગેની
વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | શૈક્ષણિક સ્તર | વૈવાહિક દરજ્જો | | કુલ |
|---|---|---|---|---|
| | | પરિણીત | અપરિણીત | |
| ૧. | બી.ઈ. સીવીલ | ૭ | ૧૦ | ૧૭ |
| ૨. | એમ.એ.બી.એડ. | ૪ | ૪ | ૮ |
| ૩. | એમ. એ. | ૩ | ૫ | ૮ |
| ૪. | એમ. કોમ. | ૨ | ૬ | ૮ |
| ૫. | બી.કોમ.એલ.એલ.બી. | ૧ | ૧ | ૨ |
| ૬. | એમ.એસ.ડબલ્યું/એમ.એલ.ડબલ્યું. | ૩ | - | ૩ |
| ૭. | બી.ઈ. મીકે. | - | ૨ | ૨ |
| ૮. | બી.એ.એમ.એસ. | ૧ | ૧ | ૨ |
| | કુલ | ૨૧ | ૨૯ | ૫૦ |
| | ટકા | ૪૨.૦૦ | ૫૮.૦૦ | ૧૦૦.૦૦ |

બેકારીનો અનુભવ કરતા ઘણાં અનુસૂચિત જાતિના અનુસ્નાતક યુવાનોની મુલાકાત વખતે ઉપરોક્ત આંકડા સંબંધી ઘણી ઘણી ઘણી જટીલ વાતો જાણવા મળી હતી. સૌ પ્રથમ તો એ કે જેઓ પરિણીત છે અને બેકાર છે તેઓને તો હાડમારીઓનો પાર જ નથી હોતો. તેઓને બંને બાજુથી સાસરી પક્ષથી અને કુટુંબ પક્ષથી ઠપકાઓ થતા હોય છે. બેકારીની વિપરીત અસરોથી આત્મહત્યાના બનાવો પણ બને છે. માનસિક રીતે બેકાર યુવાનો નવાયેલા નખાયેલા જોવા મળે છે. જો કે પત્ની કરતાં પુરુષોને આ પ્રશ્ન વધુ પ્રમાણમાં વહન કરવો પડતો હોય છે. જેઓ બેરોજગાર છે અને અપરિણિત હોય છે તેઓને પણ કેટલાક પ્રશ્નો હોય છે, પરંતુ તેની તિવ્રતા જે પરિણીત બેકાર કરતાં ઓછી હોય છે. તેને જે સવાલો હોય છે તેમાં તેઓનાં વૈવાહિક સંબંધો બાંધવામાં બેકારી નડતર-રૂપ સાબીત થાય છે.

હાલના સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ કરેલા યુવાનો હવે એમ માનતા થયા છે કે જ્યાં સુધી તેઓ આર્થિક રીતે પગભર ન થાય ત્યાં સુધી તેઓએxxxx લગ્ન સંબંધી વિચારવું નહીંx પરંતુ અનુ.જાતિની કેટલીક જાતિઓમાં વડીલોનું વર્ચસ્વ એટલું બધું હોય છે કે અનુસ્નાતક બેકાર ભલે ન ચાહે તો પણ તેણે લગ્ન ગાંઠે બંધાવાની ફરજ પડે છે.

તેમ છતાં પ્રસ્તુત કોઠા નં. ૬ના આંકડા કાંઈક જુદી જ બાબતોને પ્રકાશમાં લાવે છે. ખાસ કરીને સીવીલ એન્જીનેરો ૧૭ માંથી ૧૦ અપરિણીત છે. અને ૭ પરિણીત છે. કુલ ૫૦ માહિતીદાતાની વિગતો જોઈએ તો તેમાંથી ૨૧ પરિણીત છે જ્યારે ૨૯ અપરિણીત છે. આ આંકડા જોતાં બેકારીની આટલી તિવ્રતા હોવા છતાં કુલ માહિતીદાતાઓનાં ૪૨.૦૦ ટકા બેકાર હોવા છતાં પરિણીત છે એટલું જ નહીં કેટલાકને ત્યાં સંતાનો પણ છે.

જ્યારે બેકારીની વાત નીકળે ત્યારે કેટલીક બાબતો ખાસ આવે તેમાં શૈક્ષણિક લાયકાત અને ભ્રષ્ટાચાર તો આવે જ આવે. આજકાલ બેકારી ફક્ત ઓછા ટકા ધરાવતા અને કેટલીક શાખાઓનાં સ્નાતકો કે અનુસ્નાતકો પૂરતી રહી નથી, પરંતુ એન્જીનેરી સ્નાતકો અને અનુસ્નાતકો તથા પ્રથમવર્ગ ધરાવતા સ્નાતક અનુસ્નાતકો પણ બેકારીનો ભોગ બની રહ્યા છે. પ્રસ્તુત છે ઉપરોક્ત વાતને સમર્થન આપતી વિગતો કોઠા નં.૭ માં.

માહિતીદાતાઓની શૈક્ષણિક લાયકાત (ટકાવારી) દર્શાવતું પત્રક.

કોઠા નં. ૨.૭

| અ.નં. | શૈક્ષણિક સ્તર | ટકા ૪૦થી ૪૫ | ૪૫થી ૫૦ | ૫૦થી ૫૫ | ૫૫થી ૬૦ | ૬૦થી ૬૫ | ૬૫થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | બી.ઈ.સીવીલ | - | - | ૩ | ૫ | ૬ | ૩ | ૧૭ |
| ૨. | એમ.એ.બી.એડ. | - | ૩ | ૨ | ૨ | - | ૧ | ૮ |
| ૩. | એમ.એ. | ૪ | ૨ | ૨ | - | - | - | ૮ |
| ૪. | એમ.કોમ. | ૧ | ૩ | ૧ | ૨ | ૧ | - | ૮ |
| ૫. | બી.કોમ.એલ.એલ.બી. | - | ૧ | ૧ | - | - | - | ૨ |
| ૬. | એમ.એસ.ડબલ્યુ. એમ.એલ.ડબલ્યુ. | - | - | ૧ | ૨ | - | - | ૩ |
| ૭. | બી.ઈ.મીકે. | - | - | - | ૧ | - | ૧ | ૨ |
| ૮. | બી.એ.એમ.એસ. | - | - | ૨ | - | - | - | ૨ |
| | કુલ | ૫ | ૯ | ૧૨ | ૧૨ | ૭ | ૫ | ૫૦ |
| | ટકા | ૧૦% | ૧૮% | ૨૪% | ૨૪% | ૧૪% | ૧૦% | ૧૦૦% |

કોઠા નં. ૭માં દર્શાવેલ આંકડા જોતા એ સ્પષ્ટ થાય છે કે અનુસૂચિત જાતિનાં અનુસ્નાતક બેકારોના આ અભ્યાસમાં માહિતી પૂરી પાડેલ તેમાંના ૨૪ ટકા બેરોજગારો એવા હતા કે જેઓ પ્રથમવર્ગ ધરાવે છે. જયારે ૩૮ ટકા બેરોજગાર માહિતીદાતા એવા હતા કે જેમણે ટેકનીકલ શિક્ષણ મેળવ્યું હોવા છતાં બેકાર છે. તેમાં સીવીલ ઈજનેરોનું પ્રમાણ વિશેષ છે. આ માહિતીદાતાઓની વિશેષતા એ છે કે તેઓમાંથી એકપણ માહિતીદાતા એવા ન હતા કે જેમને ૪૦ ટકાથી નીચે માર્કસ હોય. આ બાબત

સૂચવે છે કે હાલની જે શિક્ષિત બેકારીમાં પ્રથમ વર્ગ ધરાવનારાઓનો પણ સમાવેશ થાય છે.

## કૌટુંબિક વિગતો:-

કુટુંબ એ સમાજનું એક અભિન્ન અંગ છે. તે સભ્યોનું બનેલું છે. એકબીજા સભ્યની સારી માઠી સ્થિતિનું સંવાહક છે. એકબીજા સભ્યો અંદરોઅંદર સુખદુઃખના સહભાગી બનતા હોય છે. બેકારી એ એક સમસ્યા છે. કુટુંબમાં યુવાન બેરોજગાર હોય તો તેની સૌ કુટુંબીજનોને ચિંતા રહયા કરતી હોય છે. સાથે સાથે કમાનાર એક હોય અને તેને સહારે નભનારા વધુ હોય તેમાં પણ જે નભે છે તેઓ કમાણી કરવાને યોગ્ય હોય તેમ છતાં કામ કરવાની તકના અભાવે તેઓ કમાણી ન કરી શકતા હોય ત્યારે જે સ્થિતિ ઊભી થાય છે તે અસહય હોય છે. આ અભ્યાસના માહિતીદાતાઓના કુટુંબના સભ્યોની વિગત કોઠા નં. ૮માં આપી છે.

કોઠા નં. ૨.૮

ઉત્તરદાતાનાં કુટુંબીજનોની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.નં. | શૈક્ષણિક સ્તર | કુલ ઉ.દાતા | કુટુંબનાં સભ્યો | | |
|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરુષ | કુલ |
| ૧. | બી.ઈ.સીવીલ | ૧૭ | ૩૯ | ૬૮ | ૧૦૭ |
| ૨. | એમ.એ.બી.એડ. | ૮ | ૨૩ | ૩૨ | ૫૫ |
| ૩. | એમ.એ. | ૮ | ૨૨ | ૨૬ | ૪૮ |
| ૪. | એમ.કોમ. | ૮ | ૨૦ | ૨૬ | ૪૬ |
| ૫. | બી.કોમ.એલ.એલ.બી. | ૨ | ૮ | ૬ | ૧૪ |
| ૬. | એમ.એસ.ડબલ્યું<br>એમ.એલ.ડબલ્યું | ૩ | ૧૨ | ૧૯ | ૩૧ |
| ૭. | બી.ઈ.મીકે. | ૨ | ૪ | ૬ | ૧૦ |
| ૮. | બી.એ.એમ.એસ. | ૨ | ૩ | ૬ | ૯ |
| | કુલ | ૫૦ | ૧૩૧ | ૧૮૯ | ૩૨૦ |
| | ટકા | | ૪૦.૯૪ | ૫૮.૦૬ | ૧૦૦.૦૦ |

કુલ ૫૦ મા હિતીદાતાઓનાં કુટુંબનાં કુલ સભ્યો ૩૨૦ છે. તેમાં ૪૦.૯૪ ટકા સ્ત્રી અને ૫૮.૦૬ ટકા પુરુષોનો સમાવેશ થાય છે. જયાં સુધી અનુસૂચિત જાતિને લાગે છે ત્યાં સુધી તેઓનાં કુટુંબનાં સ્ત્રી સભ્યો ઘરકામમાં અથવા તો છૂટક મજૂરીમાં રોકાયેલી હોય છે. તેઓમાં શિક્ષણનું પ્રમાણ નહીંવત હોવાથી શિક્ષિત બેકારીનો સવાલ એટલો બધો નથી પરંતુ તેઓ અશિક્ષિત બેકાર હોય છે. ઉપરાંત અનુસૂચિત જાતિનાં કુટુંબોની આવકનો સ્ત્રોત મુખ્યત: ખેતમજૂરી છે. તેમાં પણ પ્રચ્છન્ન બેકારી, મોસમી બેકારી હોય છે જ. ટૂંકમાં પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ મા હિતીદાતાઓનાં કુટુંબનાં સભ્યોમાં જે સ્ત્રી સભ્યો છે તે મોટેભાગે અન્ય ઉપર આધારિત જીવન ગુજારે છે. તેઓ ઘરકામમાં મહદ્અંશે વ્યસ્ત રહે છે.

મા હિતીદાતાઓનાં કુટુંબીજનોની સંખ્યા જોયા બાદ કોઠા નં.૯માં તેઓનું શિક્ષણ જોઈએ.

કોઠા નં. ૨.૯

ઉત્તરદાતાનાં કુટુંબીજનોમાં શિક્ષણ

| અ.નં. | શૈક્ષણિક સ્તર | કુટુંબનાં સભ્યોનું શિક્ષણ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | અભણ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ મા. | ઉ. શિ. | ટેક. કુલ |
| ૧. | બી.ઈ.સીવીલ | ૮ | ૨૧ | ૩૧ | ૭ | ૧૮ | ૨૨ | ૧૦૭ |
| ૨. | એમ.એ.બી.એડ. | ૧૫ | ૧૯ | ૮ | ૩ | ૧૦ | - | ૫૫ |
| ૩. | એમ.એ. | ૧૩ | ૧૬ | ૧૦ | ૧ | ૮ | - | ૪૮ |
| ૪. | એમ.કોમ. | ૮ | ૯ | ૭ | ૧૦ | ૧૧ | ૧ | ૪૬ |
| ૫. | બી.કોમ.એલ.એલ.બી | ૩ | ૨ | ૪ | - | ૫ | - | ૧૪ |
| ૬. | એમ.એસ.ડબલ્યું | ૧૧ | ૧૦ | ૪ | ૧ | ૫ | - | ૩૧ |
| ૭. | બી.ઈ.મીકે. | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૨ | ૧૦ |
| ૮. | બી.એ.એમ.એસ. | ૧ | ૪ | ૨ | - | ૨ | - | ૯ |
| | કુલ | ૨૫ | ૬૨ | ૨૩ | ૬૭ | ૮૩ | ૬૦ | ૩૨૦ |
| | ટકા | ૭.૮૧ | ૧૯.૩૭ | ૭.૧૯ | ૨૦.૯૪ | ૨૫.૯૪ | ૧૮.૭૫ | |

કોઠા નં. ૯માં દર્શાવેલ આંકડાઓ પરથી જણાય છે કે કુલ કુટુંબનાં સભ્યોમાંથી ૭.૮૧ ટકા કુટુંબનાં સભ્યો અભણ હતા જયારે ૯૨.૧૯ ટકા શિક્ષિત હતા. જેઓ શિક્ષિત હતાતેમાં ૧૯.૩૭ ટકા પ્રાથમિક , ૭.૧૯ ટકાએ માધ્યમિક ૨૫.૯૪ ટકાએ ઉચ્ચ શિક્ષણ અને ૧૮.૭૫ ટકાએ ટેકનિકલ શિક્ષણ મેળવેલું હતું. જો કે તેમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ નહીંવત હોવાનું જાણવા મળ્યું હતું.

કુટુંબની આર્થિક સ્થિતિઃ- આજકાલ યુગ ખૂબજ અંશે અર્થ પ્રધાન સમાજ થઈ રહયો છે. ધનવાન માણસ પૂજાય છે. જોકે તે ધનવાન કઈ રીતે બને છે વિગેરે બાબતો અત્રે પ્રસ્તુત નથી પરંતુ મનુષ્યે જીવન ગુજારવા કોઈને કોઈ ધંધો રોજગાર કરવો પડે છે. અભ્યાસમાં જે રોજગારવાંચ્છુઓએ માહિતી પૂરી પાડી હતી તેઓનાં કુટુંબનાં વ્યવસાયને લગતી વિગતો કોઠા નં.૧૦માં આપી છે.

કોઠા નં. ૨.૧૦

ઉત્તરદાતાના કુટુંબનો આર્થિક દરજ્જો દર્શાવતું પત્રક

| ક્રમ | શૈક્ષણિક સ્તર | કુટુંબનો આર્થિક દરજ્જો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખેતી | મજુરી | જંગલ મજુરી | નોકરી | ધંધો | અન્ય વ્યવસાય | નિવૃત | કુલ |
| ૧. | બી.ઈ.સીવીલ | ૨ | ૩ | - | ૮ | ૩ | ૧ | - | ૧૭ |
| ૨. | એમ.એ.બી.એડ. | - | ૩ | - | ૨ | - | ૩ | - | ૮ |
| ૩. | એમ.એ. | - | ૨ | - | ૬ | - | - | - | ૮ |
| ૪. | એમ.કોમ. | - | ૧ | - | ૬ | ૧ | - | - | ૮ |
| ૫. | બી.કોમ.એલ.એલ.બી | - | ૨ | - | - | - | - | - | ૨ |
| ૬. | એમ.એસ.ડબલ્યું | - | ૩ | - | - | - | - | - | ૩ |
| ૭. | બી.ઈ.મીકે. | - | ૧ | - | ૧ | - | - | - | ૨ |
| ૮. | બી.એ.એમ.એસ. | - | - | - | ૧ | - | - | ૧ | ૨ |
| | કુલ | ૨ | ૧૫ | - | ૨૭ | ૪ | ૧ | ૧ | ૫૦ |
| | ટકા | ૪% | ૩૦% | - | ૫૪% | ૮% | ૨% | ૨% | ૧૦૦% |

અન્ય વ્યવસાય :- સફાઈ કામદાર, હાથવણાટ.

કોઠા નં.૧૦ના માહિતીદાતાઓના કુટુંબના વ્યવસાયને લગતી આંકડાકીય વિગતો થોડી વિપરીત છે. કારણ કે ગુજરાતની કુલ અનુસૂચિત જાતિનું ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે જે વ્યવસાયિક વર્ગીકરણ કરવામાં આવ્યું છે તેનાથી વિપરીત છે. તેનું કારણ એ છે કે અભ્યાસમાં માહિતી પૂરી પાડનારા માહિતીદાતાઓ એવા અનુસૂચિત જાતિનાં પૂત્રો છે કે જેમના પિતાશ્રી નાની મોટી નોકરી કરતા હોય. નોકરી ન કરતા હોય એટલે કે શિક્ષિત ન હોય તેવા પિતાનાં ખુબજ ઓછા પૂત્રો અનુસ્નાતક શિક્ષણ મેળવી શકયા છે. જેઓ અનુસ્નાતક શિક્ષણ મેળવી શકયા ~~શ્ર~~ છે તેઓનાં વાલી શિક્ષિત છે. તથા તેઓ કોઈને કોઈ નાની મોટી નોકરીમાં છે. આથી અભ્યાસમાં માહિતી આપનારા કુલ ઉત્તરદાતાના ૫૪.૦૦ ટકા કુટુંબોનો આર્થિક દરજ્જો મજૂરી હતો. ૪.૦૦ ટકા કુટુંબો ખેતી કરે તેવું જોવા મળ્યું છે.

અનુસૂચિત જાતિના જે અનુસ્નાતક બેકારો છે તેઓ હાલ ન તો ખેતી કે અન્ય મજૂરી કરવાને સક્ષમ છે કે ન તો તેમણે જે શિક્ષણ મેળવ્યું છે તે અનુરૂપ તેમને રોજી મળતી આથી તેઓની સ્થિતિ ખૂબજ કપરી બની રહી છે.

ઉત્તરદાતાના કુટુંબનું આવક જુથ પ્રમાણે વિશ્લેષણ કરતા જણાયું હતું કે કુલ કુટુંબનાં ૩૫ ટકા કુટુંબો ગરીબી રેખા નીચે જીવન જીવતા હતા. વાર્ષિક આવક જુથ પ્રમાણે કુટુંબનું વર્ગીકરણ કોઠા નં. ૧૧માં કરવામાં આવ્યું છે.

કોઠા નં. ૨.૧૧

ઉત્તરદાતા કુટુંબની વાર્ષિક આવક દર્શાવતું પત્રક.

| સ.નં. | આવક જુથ વાર્ષિક | બેકાર અનુસ્નાતક | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બી.ઈ. સીવીલ | એમ.એ. બીએડ. | એમ.એ. | એમ.કોમ. | બી.કોમ. એલએલબી. | એમ.એસ.ડ. એમ.એલ.ડ | બી.ઈ. મીકે. | બી.એ. એમ.એસ. | કુલ |
| ૧. | ૨૫૦૦ થી ૪૫૦૦ | ૪ | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | ૧૨ |
| ૨. | ૪૫૦૧ થી ૫૫૦૦ | ૩ | – | ૧ | ૧ | – | – | – | ૧ | ૬ |
| ૩. | ૫૫૦૧ થી ૬૫૦૦ | – | ૧ | – | – | – | – | – | ૧ | ૨ |
| ૪. | ૬૫૦૧ થી ૭૫૦૦ | ૧ | – | ૧ | ૨ | ૧ | – | – | – | ૫ |
| ૫. | ૭૫૦૧ થી ૧૦૦૦૦ | ૨ | ૨ | – | – | – | ૨ | – | – | ૬ |
| ૬. | ૧૦૦૦૧ થી ૧૫૦૦૦ | ૨ | ૧ | ૩ | ૧ | – | – | – | – | ૭ |
| ૭. | ૧૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૨ | – | ૧ | ૨ | – | – | ૧ | – | ૬ |
| ૮. | ૨૫૦૦૧ થી ૩૫૦૦૦ | ૨ | – | – | – | – | – | – | – | ૨ |
| ૯. | ૩૫૦૦૦ થી ઉપર | ૧ | – | ૧ | – | – | – | – | – | ૨ |
| | કુલ | ૧૭ | ૮ | ૮ | ૭ | ૨ | ૩ | ૨ | ૨ | ૪૯ |
| | ટકા | ૩૪.૬૯ | ૧૬.૩૩ | ૧૬.૩૩ | ૧૪.૨૯ | ૪.૦૮ | ૬.૧૨ | ૪.૦૮ | ૪.૦૮ | ૧૦૦.૦૦ |

નોંધઃ- એમ.કોમ.માં એક ઉ.દા.એ વાર્ષિક આવક દર્શાવી નથી.

ઉપરના કોઠા ઉપરથી જણાય છે કે ૪૯ કુટુંબોમાંથી ૧૮ કુટુંબોની વાર્ષિક આવકને આધારે આપણે કહી શકીએ કે તેઓનું ગરીબી રેખાની નીચે જીવન ધોરણ છે. તેની સાથે સાથે જ કુટુંબો એવા છે કે તેમની વાર્ષિક આવક ૨૫૦૦૦ થી ૩૫૦૦૦ કરતાં પણ વધુ છે.

અનુસૂચિત જાતિનાં અનુસ્નાતક બેકારોનાં કુટુંબનાં આર્થિક રદજાને સારી રીતે દર્શાવવા ખાતર તેઓ ખેતીની જમીન ધરાવે છે કે કેમ? તે અંગેની વિગતો મેળવી હતી તે કોઠા નં.૧૨ માં દર્શાવી છે.

**કોઠા નં. ૨.૧૨**

ઉત્તરદાતા જમીન ધરાવે છે તે અંગેની વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | શૈક્ષણિક સ્તર | જમીન છે. | | કુલ |
|---|---|---|---|---|
| | | હા | ના | |
| ૧. | બી.ઈ સીવીલ | ૨ | ૧૫ | ૧૭ |
| ૨. | એમ.એ.બી.એડ | ૦ | ૮ | ૮ |
| ૩. | એમ.એ. | ૧ | ૭ | ૮ |
| ૪. | એમ.કોમ. | ૦ | ૮ | ૮ |
| ૫. | બી.કોમ. એલ.એલ.બી. | ૦ | ૨ | ૨ |
| ૬. | એમ. સિ.ડબલ્યું.એમ.એલ.ડબલ્યું | ૧ | ૨ | ૩ |
| ૭. | બી.ઈ. પીકે. | ૧ | ૧ | ૨ |
| ૮. | બી.એ. એમ.એસ. | ૦ | ૨ | ૨ |
| | કુલ | ૫ | ૪૫ | ૫૦ |
| | ટકા | ૧૦.૦૦ | ૯૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠાનો અભ્યાસ કરતાં જણાય છે કે કુલ માહિતી દાતાના ૧૦ ટકા પાસે ખેતીની જમીન હતી જયારે ૯૦ ટકા પાસે ખેતીની જમીન ન હતી.

નામ નોંધણી સંબંધી વિગતો:-

અગાઉ વિગતે જોયું તેમ જયારે કોઈપણ વિદ્યાર્થી અનુસ્નાતક થાય ત્યાર પછી તે પોતાનું નામ યુનિવર્સિટી રોજગાર માર્ગદર્શન અને માહિતી કેન્દ્રમાં રોજગારી મેળવવા માટે નોંધાવે છે. પ્રસ્તુત અભ્યાસના માહિતી દાતાઓએ પોતાનું નામ યુનિવર્સિટી રોજગાર કેન્દ્રમાં નોંધાવ્યાને કેટલો સમય થયો તે અંગેની વિગતો કોઠા નં. ૧૩માં આપી છે.

કોઠા નં. ૨.૧૩

ઉત્તરદાતાઓએ રોજગાર કચેરીમાં નામ નોંધાવ્યાનો સમયગાળો દર્શાવતું પત્રક

| અ.નં. | નામ નોંધાવ્યાનો સમયગાળો | નામ નોંધાવનારની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૬ માસ | ૫ | ૧૦.૦૦ |
| ૨. | ૬ થી ૧૨ માસ | ૭ | ૧૪.૦૦ |
| ૩. | ૧ થી ૨ વર્ષ | ૨૧ | ૪૨.૦૦ |
| ૪. | ૨ થી ૩ વર્ષ | ૫ | ૧૦.૦૦ |
| ૫. | ૩ થી ૪ વર્ષ | ૨ | ૪.૦૦ |
| ૬. | ૪ થી ૫ વર્ષ | ૭ | ૧૪.૦૦ |
| ૭. | ૫ થી ૬ વર્ષ | ૨ | ૪.૦૦ |
| ૮. | ૬ વર્ષથી ઉપર | ૧ | ૨.૦૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦.૦૦ |

કોઠા નં. ૧૩ની વિગતોનો અભ્યાસ કરતા માલુમ પડે છે કે નામ નોંધાવ્યાને એક માસથી માંડી ૬ વર્ષથી ઉપરનો સમય થયો હોય તેવા બેકાર માહિતીદાતાઓ છે. ખાસ કરીને જેમને નામ નોંધાવ્યાને ૧ થી ૨ વર્ષનો સમય થયો છે તેવા ૪૨.૦૦ ટકા માહિતીદાતાઓ છે જયારે ૩ થી ૬ વર્ષ નામ નોંધાવ્યો થયા હોય તેવા ૨૨.૦૦ ટકા માહિતીદાતાઓ છે અને જેમને નામ નોંધાવ્યે એક માસથી માંડી ૧૨ માસ સુધીનો સમય થયો છે તેવા ૨૪.૦૦ ટકા માહિતીદાતાઓ છે. ૨.૦૦ ટકા માહિતીદાતા એવા છે કે જેમને રોજગાર કચેરીમાં નામ નોંધાવ્યાને ૬ વર્ષથી ઉપરનો સમયગાળો વીતી ગયો છે.

સામાન્ય રીતે પ્રજામાં વહીવટી વ્યવસ્થાની આંટીઘૂંટી અને અમલદારશાહીનો કડવો અનુભવ હોય છે. અનુસૂચિત જાતિનાં બેકાર ઉમેદવારો જયારે રોજગાર વિનિમય કેન્દ્રમાં જાય છે ત્યારે તેઓને કેવો અનુભવ થયો હતો તે અંગેની વિગત કોઠા નં. ૧૪માં દર્શાવી છે.

કોઠા નં. ૨.૧૪.

ઉત્તરદાતાઓને રોજગાર કચેરીમાં નોંધણી કરાવવામાં મુશ્કેલી પડી હતી કે કેમ તે અંગેની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | શૈક્ષણિક સ્તર | નોંધણી કરાવવામાં મુશ્કેલી | | કુલ |
|---|---|---|---|---|
| | | હા | ના | |
| ૧. | બી.ઈ.સીવીલ | – | ૧૭ | ૧૭ |
| ૨. | એમ.એ.બી.એડ. | ૨ | ૬ | ૮ |
| ૩. | એમ.એ. | – | ૮ | ૮ |
| ૪. | એમ.કોમ. | – | ૮ | ૮ |
| ૫. | બી.કોમ.એલ.એલ.બી. | – | ૨ | ૨ |
| ૬. | એમ.એસ.ડબલ્યું એમ.એલ.ડબલ્યું | ૧ | ૨ | ૩ |
| ૭. | બી.ઈ.મીકે. | – | ૨ | ૨ |
| ૮. | બી.એ.એમ.એસ. | – | ૨ | ૨ |
| | કુલ | ૩ | ૪૭ | ૫૦ |
| | ટકા | ૬.૦૦ | ૯૪.૦૦ | ૧૦૦.૦૦ |

કોઠા નં. ૧૪નાં આંકડાઓ જોતા એ સ્પષ્ટ જણાય છે કે યુનિવર્સિટી રોજગાર કેન્દ્રોમાં બેરોજગાર ઉમેદવારોને નોંધપાત્ર અડચણો નથી. કુલ માહિતીદાતાના ૯૪.૦૦ ટકા બેરોજગારોને જ્યારે તેઓ પોતાનું નામ નોંધાવવા માટે રોજગાર કેન્દ્રોમાં ગયા ત્યારે કોઈ પ્રકારની અડચણ કે મુશ્કેલી પડી નહતી. ફક્ત ૬.૦૦ ટકા માહિતીદાતાઓને મુશ્કેલી પડી હતી તેમ જણાવે છે.

માહિતીદાતા એવા છે કે જેઓએ અનુસ્નાતક શિક્ષણ મેળવેલું છે. તેઓએ તેમનું શિક્ષણ પુરું કર્યું પછીના સમયગાળામાં શું કર્યું? તે પણ જાણવું જોઈએ જેથી તેમની કાર્યશિલતા જાણી શકાય. આ અંગેની માહિતી કોઠા નં. ૧૫માં દર્શાવી છે.

## કોઠા નં. ૨.૧૫

ભણતર છોડયા પછી શું કર્યું તે અંગેની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | શૈક્ષણિક સ્તર | કુલ | ભણતર છોડયા પછીનાં સમયગાળામાં નોકરી કરી છે. | બેકાર રહયા છે. | નોંધ |
|---|---|---|---|---|---|
| ૧. | બી.ઈ.સીવીલ | ૧૭ | ૧૪ | ૩ | એકવર્ષથી ઓછા સમયગાળા માટે |
| ૨. | એમ.એ.બી.એડ. | ૮ | ૧ | ૭ | નવ માસ માટે |
| ૩. | એમ.એ. | ૮ | ૪ | ૪ | આઠ માસથી ઉપર નહીં. |
| ૪. | એમ.કોમ. | ૮ | ૪ | ૪ | એકવર્ષથી ઓછા સમયગાળા માટે. |
| ૫. | બી.કોમ.એલ.એલ.બી. | ૨ | ૧ | ૧ | ખાનગીમાં સ્વર્ગ |
| ૬. | એમ.એસ.ડબલ્યું<br>એમ.એલ.ડબલ્યું | ૩ | ૨ | ૧ | ૨ માસ માટે |
| ૭. | બી.ઈ.મીકે. | ૨ | - | ૨ | - |
| ૮. | બી.એ.એમ.એસ. | ૨ | - | ૨ | - |
| | કુલ | ૫૦ | ૨૬ | ૨૪ | - |
| | ટકા | ૧૦૦.૦૦ | ૫૨.૦૦ | ૪૮.૦૦ | |

કોઠા નં. ૧૫માં મા હિતીદાતાઓએ ભણતર છોડયા પછી શું કર્યું તે સવાલના જવાબરૂપે ૫૨.૦૦ ટકા મા હિતીદાતાઓએ નાની મોટી ખાનગી, સરકારી કે અર્ધ સરકારી તુટક તૂટક નોકરી કરી છે. જયારે ૪૮.૦૦ ટકા મા હિતી દાતાઓ એવા છે કે જેઓ બેકાર રહયા હતા. જેઓએ નોકરી કરી છે તેઓને નોકરીદાતાઓએ સળંગ એક વર્ષ નોકરી કોઈ જગ્યાએ કરવા દીધી ન હતી.

આ તો આપણે ભણતર છોડયા પછીની મા હિતીદાતાએ શું કર્યું તેની મા હિતી પરંતુ હાલ મા હિતીદાતાઓ શું કરે છે તે અંગેની મા હિતી કોઠા નં. ૧૬માં આપી છે.

કોઠા નં. ૧૬.

ઉત્તરદાતાઓ હાલ શું કરે છે તે અંગેની
વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | બેકાર ઉમેદવાર | હાલ શું કરે છે. | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | બેકાર | નોકરી | અન્યકામ | |
| ૧. | બી.ઈ.સીવીલ | ૧૫ | ૨ | - | ૧૭ |
| ૨. | એમ.એ.બી.એડ. | ૬ | ૧ | ૧ | ૮ |
| ૩. | એમ.એ. | ૬ | ૨ | - | ૮ |
| ૪. | એમ.કોમ. | ૭ | - | ૧ | ૮ |
| ૫. | બી.કોમ.એલ.એલ.બી. | ૧ | ૧ | - | ૨ |
| ૬. | એમ.એસ.ડબલ્યું એમ.એલ.ડબલ્યું | ૨ | ૧ | - | ૩ |
| ૭. | બી.ઈ.મીકે. | ૧ | ૧ | - | ૨ |
| ૮. | બી.એ.એમ.એસ. | ૨ | - | - | ૨ |
| | કુલ | ૪૦ | ૮ | ૨ | ૫૦ |
| | ટકા | ૮૦.૦૦ | ૧૬.૦૦ | ૪.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠાનાં આંકડાના અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે અભ્યાસમાં જેઓએ મા હિતી પુરી પાડી છે એવા અનુસૂચિત જા તિનાં કુલ અનુસ્નાતક બેકારોનાં ૮૦.૦૦ ટકા મા હિતીદાતા હાલ બેકારી ભોગવી રહયા છે જયારે ૧૭.૦૦ ટકા મા હિતીદાતાઓ અન્યત્ર છુટક નોકરી કરી રહયા છે. જયારે ૪.૦૦ ટકા મા હિતીદાતાઓ નાનો મોટા ધંધામાં જોતરાયા છે.

અનુસ્નાતક, સ્નાતક કે એસ.એસ.સી. પાસ, નાપાસ દરેક બેકાર જયારે રોજગાર કેન્દ્રમાં નામ નોંધાવે છે ત્યારથી એક આશા લઈને કરતા હોય છે કે રોજગાર વિનિમય કચેરી મારફત તેઓને કોઈને કોઈ ઈન્ટરવ્યું કોલ મળશે. સ્વાભા વિક છે કે આ અભ્યાસમાં જેમણે મા હિતી પુરી પાડી છે તે મા હિતીદાતાઓને પણ ઈન્ટરવ્યું કોલ મળશે તેવી આશા લઈને બેઠા હોય તેઓની આશા રોજગાર કચેરી ધ્વારા કેટલાંની ફળી છે. એટલે કે કેટલાં રોજગાર વાંચ્છુંએ ઈન્ટરવ્યું કોલ રોજગાર કચેરી મારફત આવ્યા છે. આ મા હિતી કોઠા નં. ૧૭માં આપવામાં આવી છે.

<u>કોઠા નં. ૨.૧૭</u>

ઉત્તરદાતાઓને મળેલ ઈન્ટરવ્યું કોલ અંગેની વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | શૈક્ષણિક સ્તર | કુલ | ઈન્ટરવ્યુંકોલ મળ્યો છે તેવા ઉ.દાતા | ઈન્ટરવ્યુંકોલની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | બી.ઈ.સીવીલ | ૧૭ | ૪ | ૭ |
| ૨. | એમ.એ.બી.એડ. | ૮ | ૩ | ૩ |
| ૩. | એમ.એ. | ૮ | ૨ | ૫ |
| ૪. | એમ.કોમ. | ૮ | ૧ | ૧ |
| ૫. | બી.કોમ.એલ.એલ.બી. | ૨ | - | - |
| ૬. | એમ.એસ.ડબલ્યું<br>એમ.એલ.ડબલ્યું | ૩ | ૨ | ૭ |
| ૭. | બી.ઈ.મીકે. | ૨ | ૧ | ૪ |
| ૮. | બી.એ.એમ.એસ. | ૨ | ૧ | ૧ |
| | | ૫૦ | ૧૪ | ૨૮ |

પ્રસ્તુત કોઠાનાં આંકડા દ્વારા સ્પષ્ટ થાય છે કે અભ્યાસના કુલ માહિતીદાતાનાં ૨૮.૦૦ ટકા માહિતીદાતાઓને રોજગાર કચેરી મારફત ઈન્ટરવ્યું કોલ મળ્યા છે જ્યારે ૭૨.૦૦ ટકા માહિતીદાતાઓ હજુ પણ રોજગાર કચેરી મારફત ઈન્ટરવ્યું કોલ મળશે તેની રાહ જોઈને બેઠા છે. તે ઉપરાંત જે ૨૮.૦૦ ટકા માહિતીદાતાઓને ઈન્ટરવ્યુંકોલ મળ્યા છે તેઓને સરેરાશ બે વાર ઈન્ટરવ્યુંકોલ xx મળ્યા છે તે પણ નોંધપાત્ર બાબત છે.

<u>રોજગાર xxxxx xxx અંગેની માહિતી બાબત.</u>

રોજગારી મેળવવા માટે સૌપ્રથમ અગત્યની વાત એ છે કે બેકાર માણસને એ જાણે કે જ્યાં રોજગારી ઉપલબ્ધ છે. આપણા દેશમાં રોજગાર વિષાયક માહિતી પૂરી પાડનારા જે ગણ્યા ગાંઠ્યા સ્ત્રોતો છે તેમાં મહત્વનું એક સ્ત્રોત તે સમાચાર પત્રો છે. આજે પણ દેશનાં ઘણાં એવા ગામડા હશે કે જ્યાં દૈનિક સમાચાર પત્ર પણ નહીં પહોંચતું હોય. જોકે વિકાસનાં ભાગરૂપે દૈનિક સમાચાર પત્રો હવે દૂધમંડળીઓમાં આવતા થયાં છે. શહેરો સાથેનાં સંબંધો વિકસતા આવી કેટલીક ઉપલબ્ધી શક્ય બની છે. અભ્યાસમાં જે માહિતીદાતાઓ છે તેઓ મોટાભાગનાં શહેરો અથવા તો શહેરની બીલકુલ નજીકનાં છે. તેઓ પાસેથી જાણ્યું હતું કે તમારે ત્યાં સમાચાર પત્ર આવે છે? તેનાં જે જવાબો મળ્યા છે તે કોઠા નં. ૧૮ મુજબ છે.

<u>કોઠા નં.૨.૧૮</u>

<u>ઉત્તરદાતાઓને ત્યાં સમાચાર પત્ર આવે છે.</u>

| અ.નં. | | તમારે ત્યાં સમાચારપત્ર આવે છે. | | કુલ |
|---|---|---|---|---|
| | | હા | ના | |
| ૧. | બી.ઈ.સીવીલ | ૧૩ | ૪ | ૧૭ |
| ૨. | એમ.એ.બી.એડ. | ૪ | ૪ | ૮ |
| ૩. | એમ.એ. | ૭ | ૧ | ૮ |
| ૪. | એમ.કોમ. | ૬ | ૨ | ૮ |
| ૫. | બી.કોમ.એલ.એલ.બી. | ૧ | ૧ | ૨ |
| ૬. | એમ.એસ.ડબલ્યું<br>એમ.એલ.ડબલ્યું | - | ૩ | ૩ |
| ૭. | બી.ઈ.મીકે. | ૧ | ૧ | ૨ |
| ૮. | બી.એ.એમ.એસ. | ૧ | ૧ | ૨ |
| | કુલ | ૩૩ | ૧૭ | ૫૦ |
| | ટકા | ૬૬.૦૦ | ૩૪.૦૦ | ૧૦૦.૦૦ |

કોઠા નં. ૧૮નાં આંકડા દર્શાવે છે તેમ ૬૬.૦૦ ટકા માહિતી-દાતાઓને ત્યાં સમાચાર પત્રો આવે છે જ્યારે ૩૪.૦૦ ટકા માહિતીદાતાઓને ત્યાં સમાચાર પત્ર આવતા નથી. આ દર્શાવે છે કે અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવેલ બેરોજગારોને દિન-પ્રતિદિનનાં રોજગાર વિષાયક સમાચારનાં સ્ત્રોતનો સીધો સબંધ કરી શકતા નથી.

આ ઉપરાંત માહિતીદાતાઓ કયા સમાચાર પત્રો વાંચે છે તે અંગેની માહિતી કોઠા નં. ૧૯માં આપી છે.

કોઠા નં. ૨.૧૯

ઉત્તરદાતાઓ કયા સમાચાર પત્રો વાંચે છે
તે અંગેની વિગત દર્શાવતું પત્રક

| ક્ર.નં. | | સમાચાર પત્રો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંદેશ | ગુ.સ. | જનસતા | ટા.ઈ. | ઈ.એક્સ. | જયહિંદ | ફુલછાબ | ગુ.મિ. | કુલ |
| ૧. બી.ઈ.સીવીલ | ૧૧ | ૧૦ | ૫ | ૯ | ૩ | ૨ | ૭ | ૧ | ૪૮ |
| ૨. એમ.એ.બી.એડ. | ૬ | ૬ | ૩ | – | – | ૧ | ૧ | – | ૧૭ |
| ૩. એમ.એ. | ૭ | ૭ | ૧ | ૨ | ૧ | – | – | – | ૧૮ |
| ૪. એમ.કોમ. | ૮ | ૬ | ૨ | ૩ | ૨ | ૧ | ૧ | – | ૨૩ |
| ૫. બી.કોમ.એલ.એલબી | ૨ | ૩ | – | ૧ | ૧ | – | – | ૧ | ૮ |
| ૬. એમ.એલ.ડબલ્યું એમ.એસ.ડબલ્યું | ૨ | – | – | ૧ | – | ૧ | – | – | ૪ |
| ૭. બી.ઈ.મીકે. | ૨ | – | – | ૧ | – | ૧ | – | – | ૪ |
| ૮. બી.એ.એમ.એસ. | ૨ | ૧ | ૧ | – | – | – | – | – | ૪ |
| કુલ | ૪૦ | ૩૩ | ૧૨ | ૧૭ | ૭ | ૬ | ૯ | ૨ | ૧૨૬ |

ઉપરનાં પત્રકને ચકાસતા દેખાય છે કે અનુસ્નાતક બેકારો એકંદરે અંગ્રેજી સમાચાર પત્રો ઓછા વાંચે છે. એકંદરે સંદેશ દૈનિક સમાચાર પત્ર અનુસ્નાતક બેકારો વધુ પ્રમાણમાં વાંચે છે. રોજગારી અંગેનાં સમાચારો પૂરાં પાડતા રેડિયા, સમાચાર પત્રો, સામયિકો, રોજગાર કચેરીઓ, સા. સંગઠનોમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર વ્દારા પ્રકાશિત કરાતાં રોજગાર સમાચારનું આગવું મહત્વ છે.

ઉત્તરદાતાઓ પાસેથી એ પણ જાણ્યું હતું કે અંગ્રેજીમાં પ્રકાશિત થતું 'એમ્પલોયમેન્ટ ન્યુઝ' વાંચો છો તે અંગેના મળેલા પ્રતિભાવ કોઠા નં. ૨૦ માં દર્શાવી છે. જ્યારે રાજ્ય સરકાર ધ્વારા બહાર પાડવામાં આવતું 'રોજગાર સમાચાર' કેટલા માહિતીદાતાઓ વાંચે છે તેના પ્રતિભાવો કોઠા નં. ૨૧માં દર્શાવવામાં આવ્યા છે.

કોઠા નં. ૨.૨૦

ઉત્તરદાતા ભારત સરકારનું એમ્પલોયમેન્ટ ન્યુઝ વાંચે છે.

| ક્ર.નં. | ભા.સનુ.એમ્પલોયમેન્ટ ન્યુઝ વાંચો છો? | | કુલ |
|---|---|---|---|
| | હા | ના | |
| ૧. બી.ઈ.સીવીલ | ૮ | ૯ | ૧૭ |
| ૨. એમ.એ.બી.એડ. | ૨ | ૬ | ૮ |
| ૩. એમ.એ. | ૪ | ૪ | ૮ |
| ૪. એમ.કોમ. | ૫ | ૩ | ૮ |
| ૫. બી.કોમ.એલ.એલ.બી. | ૧ | ૧ | ૨ |
| ૬. એમ.એસ.ડબલ્યું એમ.એલ.ડબલ્યું | ૧ | ૨ | ૩ |
| ૭.બી.ઈ.મીકે. | - | ૨ | ૨ |
| ૮. બી.એ.એમ.એસ. | ૧ | ૧ | ૨ |
| કુલ | ૨૨ | ૨૮ | ૫૦ |
| ટકા | ૪૪.૦૦ | ૫૬.૦૦ | ૧૦૦.૦૦ |

કોઠા નં.૨.૨૧

ઉત્તરદાતાઓ રોજગાર સમાચાર વાંચે છે.

| ક્ર.નં. | રોજગાર સમાચાર વાંચો છો | | કુલ |
|---|---|---|---|
| | હા | ના | |
| ૧. બી.ઈ.સીવીલ | ૧૪ | ૩ | ૧૭ |
| ૨. એમ.એ.બી.એડ. | ૭ | ૧ | ૮ |
| ૩. એમ.એ. | ૮ | - | ૮ |
| ૪. એમ.કોમ. | ૭ | ૧ | ૮ |
| ૫. બી.કોમ.એલ.એલ.બી. | ૧ | ૧ | ૨ |
| ૬. એમ.એસ.ડબલ્યું એમ.એલ.ડબલ્યું | ૨ | ૧ | ૩ |
| ૭. બી.ઈ.મીકે. | ૧ | ૧ | ૨ |
| ૮. બી.એ.એમ.એસ. | ૨ | - | ૨ |
| કુલ | ૪૨ | ૮ | ૫૦ |
| ટકા | ૮૪.૦૦ | ૧૬.૦૦ | ૧૦૦.૦૦ |

અગાઉ આપણે જોયું કે અનુસ્નાતક બેરોજગારો અંગ્રેજીમાં પ્રકાશિત થતા દૈનિક સમાચાર પત્રો ઓછા વાંચે છે. તેવું જ ક્રાંઈક કોઠા-૨૦માં આંકડા પણ દર્શાવે છે. તેમાં ૪૪.૦૦ ટકા માહિતીદાતાઓ અંગ્રેજીના એમ્પલોયમેન્ટ ન્યુઝ વાંચે છે. જ્યારે ૫૬.૦૦ ટકા તેનો ઉપયોગ કરતા નથી.

તેથી વિપરીત કોઠા નં.૨૧માં આંકડા દર્શાવે છે તેમ ગુજરાતમાં પ્રકાશિત થતું 'રોજગાર સમાચાર'નો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થતો હોય તેમ લાગે છે. કુલ માહિતીદાતાનાં ૮૪.૦૦ ટકા રોજગાર સમાચાર વાંચે છે. તેનો ઉપયોગ કરે છે.

## ભાગ- ૩

## કેટલાક વિસ્તૃત જવાબોનું સંકલન

અનુસૂચિત જાતિના અનુસ્નાતક બેકાર યુવાનોનાં અભ્યાસ માટે મોકલી આપેલી પ્રશ્નાવલીમાં કેટલાક સવાલોનાં ઉત્તરો વર્ણનાત્મક પ્રકારનાં આવ્યા હતા જેનું વર્ગીકરણ આંકડાકીય દ્રષ્ટિએ યોગ્ય રીતે થઈ શકે તેમ ન હતું. આવા સવાલોનાં ઉત્તરોનું અલાયદું સંકલન કરી તેમાંથી પ્રકાશમાં આવતી વિગતોને ધ્યાનમાં રાખી તે અંગે નોંધ લખી છે.

જેમ કે તેમાં સવાલ હતો તમો તમારી લાયકાત મુજબ નોકરી મેળવવા અંગેની માહિતી કયાંથી મેળવો છો? આ સવાલનો પ્રતિભાવ આ પ્રમાણે છે.

જેઓએ માહિતી મોકલી આપી હતી તેમાંનાં મોટાભાગનાં માહિતીદાતાઓ તેઓને લાયક ખાલી જગ્યાઓ અંગેની જાહેરાતો તથા વિગતો વિશેષ કરીને દૈનિક સમાચાર પત્રો, રોજગાર સમાચાર તથા એમ્પલોયમેન્ટ ન્યુઝ માંથી મેળવે છે. તે ઉપરાંત રેડિયો, મિત્રો અને શિક્ષકો પાસેથી પણ માહિતી મેળવે છે તેમ જણાવ્યું છે.

ખાસ ધ્યાન દોરે એવી બાબત એ છે કે કુલ ૫૦ બેકાર અનુ-સ્નાતક માહિતીદાતાઓ માંથી ફકત પાંચ જ માહિતીદાતાઓ રોજગાર સંબંધી વિગતો યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શનની કચેરીએથી મેળવે છે તેમ જણાવ્યું છે.

આ બાબત ખુબજ સૂચક છે. તેમ થવા માટેની કેટલીક સંભાવના-ઓ કલ્પી શકાય જેમકે,

(૧) મોટાભાગના માહિતીદાતાઓ રોજગારી સંબંધી માહિતી રોજગાર સમાચાર અને દૈનિક સમાચાર પત્ર ધ્વારા મેળવી લેતા હોય આથી તેઓને રોજગાર કચેરીએ જવાની આવશ્યકતા ન લાગતી હોય.

(૨) રોજગાર માહિતી અને માર્ગદર્શન કચેરી બેકાર યુવાનોને વિશેષ માહિતી પૂરી પાડી આકર્ષવામાં અસફળ રહી હોય.

(૩) કચેરી મોટાભાગે યુનિ. કેમ્પસ પર હોઈ ગામડામાં વસતા શિક્ષિત બેરોજગાર માટે ત્યાં જઈ માહિતી મેળવવી પરવડે તેમ ન હોય. વિગેરે

બીજો સવાલ એ હતો કે '' તમે અત્યાર સુધી નોકરી મેળવવા માટે વ્યકિતગત કેટલા પ્રયત્નો કર્યા છે અને તેનાં શાં પરિણામ આવ્યા છે.''

આ સવાલના સારા એવા પ્રમાણમાં વૈવિધ્યપૂર્ણ જવાબો મળ્યા હતા. જેમાં એકથી માંડી બસો પ્રયત્નો કર્યા છે તેવા ઉત્તરો પણ મળ્યા હતા સાથે સાથે તેનાં પરિણામ અંગે પણ જણાવ્યું હતું જેમકે,

(૧) 'આઠથી દશ પ્રયત્નો કર્યા છે. લાગવગશાહીનાં કારણે અમુક જગ્યાએથી જવાબ આવતા નથી.'

(૨) 'બી.સી. હોવાને કારણે ખાનગીમાં પણ નોકરી મળતી નથી!

(૩) 'અસંખ્ય પ્રયત્નો કર્યા છે પરિણામ નીલ.'

(૪) 'અનેક પ્રયત્નો કરેલા છે, પરિણામ શૂન્ય.'

(૫) 'અનેક પ્રયત્નો કરેલા છે પરિણામ શૂન્ય.'
વગેરે પ્રતિભાવો મળ્યા હતા.

આ પ્રતિભાવો ગર્ભિત રીતે કેટલીક બાબતો સૂચવે છે. જેમકે અનુસૂચિત જાતિના બેકાર યુવાનો રોજી મેળવવા માટે પ્રયત્નો જરૂર કરે છે. સારા પ્રમાણમાં પ્રયત્નો કરે છે. તેઓને રોજી મળતી નથી તેનો ઉશ્કેરાટ પણ છે. કેટલીક નિરાશા પણ દેખા દે છે. રોજી ન મળવામાં નડતા અંતરાયો પણ દર્શાવે છે. કેટલાક ઉત્તરોમાં તેઓને મૌખિક કસોટીમાં જ અંતરાયો નડે છે તે બાબતને પણ તેઓએ વાચા આપી છે.

આ ઉપરાંત 'તમને યુનિ. શ્રમ રોજગાર કચેરી પરથી નિયમિત ઈન્ટરવ્યું કોલ આવે છે.' તે મુદ્દાનાં ઉત્તરો અન્યત્ર ઈન્ટરવ્યું કોલ કેટલા મળ્યા તેનાં સંખ્યાત્મક વિવરણ સાથે સાંકળેલ છે પરંતુ 'તમને ઈન્ટરવ્યું કોલ મળે છે ત્યારે તમો ઈન્ટરવ્યુંમાં હાજર રહો છો?' તેવો પણ સવાલ પૂછવામાં આવ્યો હતો.

આ સવાલનો જવાબ આપવાનું ઘણાં બધા એટલે કે ૫૦માંથી ૨૨ ઉત્તરદાતાઓએ જવાબ આપવાનું ટાળ્યું હતું જ્યારે ૧૮ ઉત્તરદાતાઓએ જવાબ આપ્યો હતો કે હજુ સુધી એક પણ ઇન્ટરવ્યું આવ્યું નથી. બાકીના ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે તેઓ જે જે ઇન્ટરવ્યું આવે છે ત્યાં હાજર રહે છે.

અન્ય એક સવાલ એવો પૂછવામાં આવ્યો હતો જેમાં તેઓની રૂબરૂ મુલાકાત અંગેનાં અનુભવો દર્શાવવા જણાવ્યું હતું. તેમાં પણ વિવિધ પ્રકારનાં અનુભવો મા હિતીદાતાઓએ જવાબરૂપે લખી મોકલાવ્યા હતા. તેમાંનાં વિશિષ્ટ જવાબો નીચે મુજબ છે.

(૧) અધિકારીશ્રીનાં તોછડાઇભર્યા વર્તનનો અનુભવ થયેલો.

(૨) મુલાકાત વખતે જગ્યાને અનુરૂપ સવાલો પુછતા નથી. કેટલીકવાર તેઓનું વર્તનપણ યોગ્ય હોતું નથી. કયારેક તો છેતરતા હોય તેવું લાગે છે. કારણ કે અમે પછાતવર્ગમાંથી આવીએ છીએ.

(૩) ધક્કા ખાઇને પાછા આવું પડે છે.

(૪) મુલાકાત માટે ફકત બોલાવવા ખાતર જ બોલાવાય છે. ઘણી જગ્યાઓએ અનુભવને જ મહત્વ અપાય છે. [illegible] તથા પગારને લગતી જ વાતો કરે છે.

(૫) ખાલી અનામત જગ્યાઓ ભરાતી નથી. સવર્ણ સમાજને અનુસૂચિત જાતિ, જનજાતિનાં લોકોને નોકરી મળે તે સહન થતું નથી. વિષયેત્તર સવાલો પૂછવામાં આવે છે.

(૬) રૂબરૂ મુલાકાત વખતે,' પાછળથી જણાવીશું' એમજ જણાવવામાં આવે છે પરંતુ એ 'પાછળ' ખબર નહીં કયારે આવે?

(૭) જુની અટક 'ચમાર' હતી. નવી અટક 'વડાવીયા' રાખેલ હોવાથી તેના પ્રતિભાવો આશ્ચર્ય, કટાક્ષ અને જિજ્ઞાસા પ્રેરક સવાલોને હાવભાવથી જોવા મળે છે.

(૮) વિષય ઉપરાંતના પ્રશ્નો પુછવાથી વિષયાંતર થઇ જાય છે. ૫૦ ટકા જગ્યાએ તો પહેલેથીજ નકકી કરી દેખાવ પુરતું નાટક કરે છે અને પસંદગીમાં ભ્રષ્ટાચાર ચાલે છે.

(૯) રૂબરૂ મુલાકાત વખતે જાતિ અંગે પુછીને પછી જણાવીશું એમ કહીને ઈન્ટરવ્યું પુરું કરે છે.

(૧૦) થરા કોલેજમાં અનુ.જાતિની જગ્યા હતી પરંતુ અ.જાતિના ઉમેદવારને ન લીધા. સ્કુલોવાળા તો રજી.એ.ડીથી અરજી કરીએ તો પણ ઈન્ટરવ્યું આપતા નથી. ખોટા બેકારોના પૈસાનું પાણી કરાવડાવે છે.

(૧૧) લાગવગ નહીં હોવાથી નોકરી મળતી નથી. એક જગ્યાએ એક સાહેબે ૫૦૦૦ રૂા. લાંચ માંગી હતી.

(૧૨) લાયકાત સારી હોવા છતાં પૈસા અને લાગવગ ન હોવાને લઈને નોકરી મળતી નથી. શિક્ષકની જગ્યાએ નિયમ કરતાં ઓછા પગારની ઓફર કરે છે.

(૧૩) એક કોર્પોરેશનમાં ઈન્ટરવ્યું આપવા ગયેલો ત્યાં તેઓનાં ઓળખીતા માણસો લેવાઈ ગયા.

(૧૪) રોજગાર કચેરીમાંથી જે તે જગ્યા માટે નામો મંગાવે, નામો આવે તેઓને મુલાકાત માટે બોલાવે, બેકારો ભાડા ખર્ચીને આવે પછી મુલાકાત વખતે કહેવામાં આવે કે જરૂરી લાયકાતવાળા ઉમેદવારો નથી. જો થોડી કાળજી લઈ ઈન્ટરવ્યું કોલ આપતી વખતે લાયકાત ચકાસતા હોય તો આવી હાડમારીમાંથી બેકારો બચે. તેમનો સમય અને પૈસાનો વ્યય અટકી શકે.

(૧૫) ઈન્ટરવ્યું લેવા ખાતરજ ગોઠવાય છે. ઉમેદવાર અગાઉથી નક્કી હોય છે.
-પગાર ઓછો મળશે તેમ જણાવે છે.
-કેટલીક જગ્યાએ કહે છે નોકરી નથી આ કામ છે. આમ પહેલેથીજ શોષણ કરવા ઉમેદવારોને બાંધી લે છે.

(૧૬) અનુ.જાતિનાં ઉમેદવારોને પસંદ કરવામાં આવતા નથી અને પસંદ થાય તો તેમને વેઈટીંગ લીસ્ટમાં મૂકવામાં આવે છે જે પાછળથી રદ થાય છે.

પ્રસ્તુત પ્રત્યુત્તરો પણ ઘણી બધી બાબતોનો નિર્દેશ કરે છે. સૌ પ્રથમ તો અનુભવોને આધારે તેઓએ તારવેલ નીચોડ દર્શાવ્યાં છે જે ખુબજ પ્રસ્તુત છે. મોટાભાગનાં અનુભવો ફરિયાદનાં રૂપમાં છે. કેટલાક સૂચનનાં રૂપમાં છે તથા કેટલાંક અનુભવો જે તે સ્થિતિગત વર્ણનના રૂપમાં છે.

રોજગાર વિષાયક માહિતી મળી શકે તે માટે પણ અનુસ્નાતક બેરોજગારો પાસેથી સૂચનો મેળવ્યા હતા તે સંબંધી પણ વૈવિધ્યસભર સૂચનો મળ્યા હતા. તે જોઈએ.

(૧) અનુ.જાતિના દરેક સ્નાતક અને અનુસ્નાતક બેકારોને મફત રોજગાર સમાચાર મોકલવું જોઈએ તથા જ્યાં જ્યાં ખાલી જગ્યાઓ હોય તે અંગેની માહિતી પોસ્ટ દ્વારા પહોંચાડવી જોઈએ.

(૨) અનુ.જાતિ અને અનુ.જનજાતિની ભરતી માટે અલગ બોર્ડ રચી અનામત જગ્યાઓ તેનાં દ્વારાજ ભરાવી જોઈએ.

(૩) બેરોજગારો માટેની શિબિરનું આયોજન થવું જોઈએ.

(૪) એકજ સમાચાર પત્રમાં જાહેરાત આવે છે તે બરાબર નથી. રોજગાર સમાચારમાં કેટલીક જાહેરાતો તારીખ થઈ ગયા પછી અથવા તો બે એક દિવસ બાકી હોય ને છપાય છે.
- ઈન્ટરવ્યું રોજગાર કચેરી દ્વારા લેવાવા જોઈએ. બેકારોને ખાલી જગ્યાઓની નિયમિત જાણ કરવી જોઈએ. રોજગાર કચેરીમાંથી સંતોષકારક જવાબો મળતા નથી. આદિવાસી અને હરિજન બેરોજગારોને ખાલી જગ્યાઓની જાણ ત્વરીત થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૫) સ્નાતક કક્ષાની દેશની દરેક જાહેરાતોનું એકીકરણ કરી સાપ્તાહિક અંક બહાર પાડી નિયમિત બેરોજગારોને વિનામૂલ્યે પહોંચાડવું જોઈએ.

(૬) જે તે જિલ્લાની માહિતી જે તે જિલ્લાના બેરોજગારોને મળે તેવી રીતે બહોળા પ્રચારની વ્યવસ્થા કરવી.

(૭) વ્યવસાય માર્ગદર્શક સંસ્થાઓ વધુ કાર્યશીલ બને.

(૮) અનામત જગ્યાઓની જાહેરાતો ખાસ કરીને શાળા કોલેજોમાં 'જગ્યા બી.સી., બક્ષી, આદિવાસી,' માટે અનામત છે. આવી જાહેરાતો છાપવાથી ઘણી ગેરસમજ થાય છે. અથવા તો ગેરવહીવટ કરવા માટે આવી ગૂંચવાડાભરી જાહેરાતો આપવામાં આવે છે. જાહેરાતો સ્પષ્ટ આપવી જોઈએ. જેમકે આ જગ્યા અનુ.જાતિ માટે અનામત છે કે આ જગ્યા અનુ.જનજાતિ માટે અનામત છે.

(૯) કોમ્પ્યુટર ધ્વારા ટકાવારી પ્રમાણે ઇન્ટરવ્યું કોલની વ્યવસ્થા કરવી જોઈએ.

(૧૦) રોજગાર કચેરીમાંથી સગાવાદ, લાગવગશાહી અને ભ્રષ્ટાચાર દૂર કરવો જોઈએ.

(૧૧) બેરોજગારોનું યુનિયન બનાવી તે બેરોજગારોને બેકારી ભથ્થું મળે, રોજગારી અંગેની માહિતી મળે વગેરે વ્યવસ્થા કરે.

(૧૨) લાંબા સમયથી બેરોજગારીની ભોગવતા ઉમેદવારોને તેમની લાયકાત મુજબની જગ્યાઓની માહિતી સત્વરે પહોંચે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૧૩) જે બેરોજગારોની વય, વયમર્યાદા નજીક હોય તેવા ઉમેદવારોને રોજગારી માટેની પ્રથમ તક આપવી જોઈએ.

(૧૪) સમાજકલ્યાણ અધિકારી અથવા તો અનુસૂચિત જાતિનાં સંગઠીત મંડળે સરકારી અને અર્ધસરકારી ખાતાની ભરતી અંગેની વિગતો મેળવી સંબંધીત અનુ.જાતિના બેરોજગાર યુવાનોને તેમની લાયકાત પ્રમાણેની નોકરી અંગેની માહિતી પુરી પાડવી જોઈએ.

બેરોજગાર અનુસ્નાતક યુવાનોને તેઓને રૂબરૂ મુલાકાતમાં સહાયભૂત થઈ શકે તે માટેનાં સૂચનો મેળવ્યા હતા. આ સંબંધી સૂચનો ૨૭ જેટલા માહિતીદાતાઓએ જે સૂચનો જણાવ્યા ન હતા. પરંતુ બાકીનાં ૨૩ માહિતીદાતાઓએ જે સૂચનો સૂચવ્યા હતા તે સૂચનો સુયોગ્ય અને બેરોજગારીની સમસ્યાને હળવી કરવામાં ખરેખર સહાયભૂત બને તેવા હતા. તેમાંના કેટલાંક સૂચનો આ પ્રમાણે છે.

(૧) સરકાર ધ્વારા આપવામાં આવતી રાવલતોનું યોગ્ય અમલીકરણ થાય તે માટે પગલાં લેવા જોઈએ.

(૨) જ્ઞાતિવાદ આડે આવે છે. ખાસ કરીને અનુ.જાતિનાં બેરોજગારોને જ્ઞાતિ તરફથી માહિતી મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૩) મૌખિકમાં પુછાતા સવાલો અંગે માર્ગદર્શન આપવું. દરેક મૌખિક ઇન્ટરવ્યુંમાં અનુ.જાતિ, અનુ.જનજાતિ અને બક્ષીપંચનાં પ્રતિનિધિને હાજર રાખવા જોઈએ તથા બેરોજગારોને માર્ગદર્શન માટે ખાસ વર્ગો ખોલવા જોઈએ.

(૪) અનુ.જાતિનાં પ્રતિનિધિ પસંદગી સમિતિમાં હોવા જોઈએ જેથી તેઓને અન્યાય ન થાય- મુલાકાતના જે તે સમય અને દિવસ ન જળવાતા બેરોજગારોને ખૂબજ હાલાકી વેઠવી પડે છે. લગભગ દરેક જગ્યાએ નિયત સમયે ઈન્ટરવ્યું લેવાતા નથી.

(૫) અનુ.જાતિની જગ્યાઓ માટે અલગ નિમણૂંક સમિતિ હોવી જોઈએ. તેમ ન હોય તો દરેક સમિતિમાં અનુ.જાતિનાં પ્રતિનિધિ હોવો જોઈએ. જેમણે અનામત જગ્યાઓ યોગ્ય ઉમેદવારોથી ભરાય છે કે નહીં તેનું મૂલ્યાંકન કરવું જોઈએ.

(૬) અનામત જગ્યાઓ સંપૂર્ણ ભરાવી જોઈએ. જયાં ન ભરાતી હોય તેની ઊંડાણપૂર્વક તપાસ કરી તે જગ્યાઓ ભરવા તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

(૭) રૂબરૂ મુલાકાત બંધ કરવી જોઈએ જે કામ માટે જગ્યા હોય તેને અનુરૂપ સવાલો પુછવા જોઈએ.

(૮) ઈન્ટરવ્યું લેનારાઓનું વર્તન મિત્રભાવ જેવું હોવું જોઈએ, ઉમેદવારોને હતાશ કરે તેવું નહીં. તથા લાંચરુશ્વત અને ભ્રષ્ટાચાર બંધ થવો જોઈએ. ડીગ્રી અને નોકરીનો સંબંધ જળવાવો જોઈએ.

(૯) રૂબરૂ મુલાકાત વખતે બી.સી. જેવા ભેદભાવો રખાય છે. વિચિત્ર અને ઉતાવળીયા સવાલો પુછે છે તથા ઉમેદવારોને ગભરાવી મુકવાના પ્રયાસો થાય છે.

(૧૦) વિષયનાં તજજ્ઞો સિવાયની વ્યકિતને મૌખિક મુલાકાતમાં ન બેસાડવી જોઈએ.

(૧૧) વિષય સંબંધી સવાલો પુછવા જોઈએ.

(૧૨) નોકરી અંગેના ઈન્ટરવ્યુમાં રાજકારણને બાકાત રાખવું જોઈએ.

(૧૩) રૂબરૂ મુલાકાતમાં બોલાવતા પહેલાં જગ્યા માટેની સ્પષ્ટતા તથા લાયકાત મુજબ પગાર ધોરણની જાણકારી આપવી જોઈએ.

(૧૪) અનામત જગ્યાઓ ભરવા વિશેષ ધ્યાન અપાવું જોઈએ તથા ભરતી વખતે નિમણૂંક સમિતિમાં જે તે જાતિનાં પ્રતિનિધિને હાજર રાખવા જોઈએ.

(૧૫) શિક્ષકોની ભરતી મોટાભાગે ભ્રષ્ટાચારી રીતેરસમોથી જ થાય છે. પહેલેથીજ નિમણૂંક કોને આપવી તે નક્કી થઇ ગયું હોય છે. ફક્ત પ્રોસીજર ખાતરજ ઈન્ટરવ્યુંનું નાટક કરવામાં આવે છે.

(૧૬) આજકાલ વગ અને પૈસાજ રૂબરૂ મુલાકાતમાં સહાયભૂત થઈ શકે તેમ છે. ગરીબ માણસો ડીગ્રીજ માંડ માંડ મેળવી શકે છે તેથી સૂચનો અર્થહીન છે.

(૧૭) અનુ.જાતિ અને અનુ.જનજાતિનાં ઉમેદવારોને ઈન્ટરવ્યું માટે બોલાવે ત્યારે ભાડું ચુકવવું જોઇએ.

(૧૮) ભાડું ન હોવાથી ઈન્ટરવ્યુંમાં હાજર રહી શકાતું નથી તો તે અંગે ઘટતું કરવું જોઇએ.

(૧૯) મૌખિક મુલાકાત માટે સહાયભૂત થાય તેવું સાહિત્ય પુરું પાડવું જોઇએ.

અને છેલ્લે હાલમાં પ્રવર્તમાન રોજગાર મેળવવા માટેની જે વ્યવસ્થા છે તે શું બરોબર છે. જો બરોબર ન હોય તો તેનાં કારણો દર્શાવવા માહિતીદાતાઓને જણાવ્યું હતું. આ અંગેનાં વિવિધ પ્રકારનાં કારણો દર્શાવ્યાં હતા. એમાં વ્યવસ્થાપનને લગતા તો કેટલાક સુચનો-મુલક પણ હતા. તેમાંથી કેટલાક કારણો છાંટીને અત્રે મુકયા છે તે નીચે પ્રમાણે છે.

(૧) નામો ક્રમવાર મોકલાય, તેમાં ભ્રષ્ટાચાર ન થાય તે માટે પગલાં લેવાં.

(૨) અનામત જગ્યાઓ ભરાતી નથી તે માટે ઉચ્ચકક્ષાએ તપાસ કરવી જોઇએ.

(૩) મૌખિક પરીક્ષા રદ કરવી જોઇએ અને લેખિત પરીક્ષા અઘરી લેવી જોઇએ તથા લેખિત પરીક્ષાનાં પ્રશ્નપત્રો કોમ્પ્યુટરની મદદથી તૈયાર કરી તેના ધ્વારા જ પરિણામ તૈયાર થવું જોઇએ.

(૪) રોજગાર કચેરીમાં લાગવગથી જે તે જગ્યાએ નામો મોકલાય છે. તથા નામો મોકલાયા પછી નોકરી દાતાઓ મુલાકાત માટે બોલાવતા નથી.

(૫) હાલની વ્યવસ્થા બરાબર નથી. સરકાર કાંઈ કરવા ઈચ્છતી નથી.

(૬) રોજગાર બ્યુરોની કાર્યક્ષમતા વધારવી જોઈએ. સરકારી નોકરી માટે ફરજિયાત રોજગાર કચેરી ધ્વારા જ ઉમેદવાર બોલાવવા જોઈએ તથા ઉમેદવારને લાયકાતનાં ધોરણે પસંદ કરવો જોઈએ નહીં કે પૈસા અને લાગવગના ધોરણે.

(૭) ટેકનીકલ અને નોનટેકનીકલ કચેરીઓ અલગ પાડવી જોઈએ. ઘણીવાર ઈન્ટરવ્યું કોલમાં લખેલ હોય છે કે જે તે લાયકાત ધરાવતા હોય તેમણે ઈન્ટરવ્યુંમાં જવું. પરંતુ ઈન્ટરવ્યું કોલ મળનાર પાસે તે લાયકાત જ હોતી નથી.

(૮) સીનીયોરીટી તથા ઉંમર બંને ધ્યાનમાં રાખી ઈન્ટરવ્યું કોલ મોકલવા જોઈએ.

(૯) હાલની વ્યવસ્થા યોગ્ય નથી કારણ તેમાં લાગવગશાહીનું જોર વધ્યું છે. અનુ.જાતિનાં મેરીટમાં આવતા ઉમેદવારોને અનામત જગ્યા ઉપર નિમણૂંક નહીં આપતા તેમને જનરલમાં ગણવા જોઈએ. તે ઉપરાંત લેખિત પરીક્ષામાં થતા ગોટાળા ટાળવા નિમણૂંક માટે નવી કોમ્પ્યુટર પધ્ધતિ દાખલ કરવી જોઈએ.

(૧૦) તમામ અનામત જગ્યાઓ રોજગાર કચેરી ધ્વારા જ ભરાવી જોઈએ તથા તેમાં ખેતમજૂરોનાં અને ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિનાં કુટુંબોને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

(૧૧) રોજગાર કચેરીએ નોંધાયેલા ઉમેદવારોમાંથી કેટલાને ઈન્ટરવ્યું આપ્યા વગેરે ઉમેદવારોને જોવા આપવું જોઈએ.

(૧૨) બેકારોને શાંતિથી સાંભળવા જોઈએ.

(૧૩) નામ મોકલવામાં આપાપાડી કે લાંચરુશ્વત કે ભ્રષ્ટાચાર કરનારને તાત્કાલિક સસપેન્ડ કરી દેવા જોઈએ, દુઃખ સાથે કે આવું થશે નહીં.

(૧૪) હાલની રોજગાર મેળવવાની વ્યવસ્થામાં ધરમૂળથી ફેરફારો કરવા જોઈએ. સ્કૂલો, કોલેજો અને ખાનગી સંસ્થાઓમાં યોગ્ય ઉમેદવારો મળતા નથી તેમ કરી અનુસૂચિત જાતિના ઉમેદાવારોની ભરતી કરતા નથી. આવી સંસ્થાઓમાં કુલ અનામત જગ્યાઓમાં ૦.૧ ટકા પણ ભરતી થઈ નથી.

(૧૫) ના, કારણકે લાયકાત કે આવડત ધ્યાનમાં ન લેતાં પૈસાજ ધ્યાનમાં લેવાય છે.

(૧૬) સ્પર્ધાત્મક પરીક્ષા લાયકાત અને કાર્યદક્ષતા મુજબ યોજવી જોઈએ.

(૧૭) આંધળી દોટ ન કરાવતા રસ્તો ચીંધી ધ્યેય હાંસલ થાય તે રીતે સહાયભૂત થવું જોઈએ.

(૧૮) ના, જાહેરાતમાં જગ્યા એસ.સી., એસ.ટી. માટે અનામત તેમ લખી તેમનાં ધ્વારા જગ્યા ભરવામાં આવતી નથી. જવાબદાર નેતાઓ પણ આ બાબતને ગંભીરતાપૂર્વક લેતા નથી.

(૧૯) ના, કારણકે આ વ્યવસ્થા લાગવગ, ઓળખાણથી છે જેથી ગરીબો લાયકાત ધરાવતા હોવા છતાં બેકારીનો ભોગ બને છે. જેનાથી બેકારોને ઘણુંજ સહન કરવું પડે છે.

(૨૦) ના, રોજગાર કચેરી તરફથી યોગ્ય માર્ગદર્શન મળતું નથી. અનામત જગ્યાઓ જે તે ઉમેદવારોથી ભરાય તેમ ગોઠવાવું જોઈએ તથા મહિના વાર અનુ.જાતિના બેકાર ઉમેદવારોમાંથી કેટલાને નોકરી મળી તે આંકડા આપવા જોઈએ.

(૨૧) આજની રોજગાર મેળવવાની પધ્ધતિ રેઢિયાળ જેવી છે. વર્ષો સુધી નામ નોંધાવી ઉમેદવારો ઈન્ટરવ્યુંની આશાએ દિવસો, વર્ષો પસાર કર્યેજ જાય છે. ઉંમર વીતી જાય ત્યાં સુધી કોઈજ પરિણામ નહીં. સ્નાતક, અનુ.સ્નાતક ઉમેદવારો માટે કોઈ નિસ્વાર્થ સામાજિક કાર્યકર્તા પાસે નામ પહોંચવા જોઈએ જેથી સરકારને તેની જાણ કરી શકે. બાકી આજના નોકરી શોધતા ઉમેદવારો માટે રોજગાર કેન્દ્ર એક યાદી કહી શકાય. ભારત જેવા ગરીબીથી સબળતા દેશમાં કરોડો લોકોને પૂરતું પોષણ મળતું નથી તેમાં અમારા જેવા આરોગ્ય રક્ષકોને ગામડામાં જયાં સ્વાસ્થ્યને લગતી સવલતો મળતી ન હોય તે જગ્યાએ સ્વેચ્છાએ જનાર ઉમેદવારોને ઓછા વેતને સરકારે મોકલવા જોઈએ.

પ્રસ્તુત સુચનોમાં જો કોઈ ધ્યાનકર્ષક કોઈ બાબત હોય તો તેમાં મોટાભાગના મા હિતીદાતાઓએ અનામત જગ્યાઓ જે તે અનામત દરજ્જાના ઉમેદવારોથી પૂરેપૂરી ભરાય તે માટેની માંગણી કરેલી છે. બીજી બાબત એ

દેખા દે છે કે લાગવગશાહી અને ભ્રષ્ટાચાર તે ઉપરાંત હાલની રોજગાર મેળવવા બાબત અંગે કેટલાક ખરેખર વિશિષ્ટ સૂચનો થયા છે. જેવા કે

(૧) બેરોજગારોને બેરોજગારીભથ્થું આપવું.

(૨) મૌખિક પરીક્ષા રદ કરવી.

(૩) કોમ્પ્યુટર પધ્ધતિ દાખલ કરવી.

(૪) બેરોજગારોને શાંતિથી સાંભળવા.

(૫) જેઓની ઉંમર થઈ જવા આવી હોય તેવા બેરોજગારોને વધુ સહાયભૂત થવું.

(૬) સ્પર્ધાત્મક પરીક્ષાઓ લાયકાત મુજબ યોજવી જોઈએ.

આવા વિવિધ સૂચનો ધ્વારા આપણે અનુસ્નાતક બેરોજગારો કે જેઓ બેકારી જેવી સમસ્યાનો ભોગ બનેલા છે તેઓમાં પણ તેમની સમસ્યા અંગે કેટલા જાગરુત છે તથા પોતાની સમસ્યા અંગે વિશિષ્ટ દ્રષ્ટિકોણ ધરાવે છે તેનું આપણને વાસ્તવિક દર્શન થાય છે.

## ભાગ- ૪.

### કારણો આધારીત સૂચનો:-

(૧) પ્રસ્તુત અભ્યાસ પરથી એક બાબત એ ધ્યાને આવી છે કે હાલ કેટલીક અર્ધસરકારી તેમજ સરકારનાં અનુદાનથી ચાલતી સંસ્થાઓ મ્યુ. તથા બોર્ડ અને કોર્પોરેશનોમાં ભરતી કરતી વખતે રોજગાર કેન્દ્રોમાંથી બેરોજગારોનાં નામો મંગાવવા તરફ દુર્લક્ષ સેવી પોતાની રીતે ભરતી કરે છે.

આ પરિસ્થિતિમાં સૂચન છે કે સરકારી, અર્ધસરકારી, અનુદાન મેળવી ચાલતી સંસ્થાઓ અને મ્યુ. વિગેરેમાં ભરતી કરતી વખતે ફરજિયાત ધોરણે રોજગાર કચેરીઓમાંથી જે તે લાયકાત ધરાવતા બેરોજગાર ઉમેદવારોનાં નામો મંગાવી તેમાંથી જ ભરતી કરવી જોઈએ.

(૨) અભ્યાસનાં અંતે એક બાબત ધ્યાને આવી છે તે એ છે કે ''લગભગ દરેક અનુસ્નાતક બેરોજગારોને એમ લાગે છે કે ફક્ત નામ નોંધાવવા ખાતર નોંધાવીએ તેનાંથી કાંઈ નોકરી મળવાની નથી.'' આ પ્રકારનો અસંતોષ શા માટે છે? રાજ્ય સરકાર આટઆટલો ખર્ચ કરતી હોવા છતાં બેકારોને તે શા માટે વિશ્વાસ મેળવી શકતી નથી તે માટે ક્યાં ખામી છે તે શોધી નાખવું જોઈએ. તે માટે જરૂરી તપાસ કરી યોગ્ય ફેરફારો આદરવા જોઈએ.

(૩) મોટાભાગનાં બેરોજગારો એમ માનતા થયા છે કે દરેક જગ્યાએ ભરતીમાં ભ્રષ્ટાચાર ચાલે છે. તેનાથી બેરોજગાર ઉમેદવારો ઈન્ટરવ્યું વખતે ખૂબજ વ્યાકુળ રહે છે. તેની માનસિક અસર ખુબજ વિપરિત પડે છે.

આ પરિસ્થિતિમાં સાચી સ્થિતિ જાણી જો તેમ થતું હોય તો તેને રોકવાના પ્રયાસો કરવા જોઈએ. અને જો ન થતું હોય તો સાચી સ્થિતિનું બેકારોને દર્શન કરાવવું જોઈએ.

(૪) યુનિવર્સિટી રોજગાર કેન્દ્રને લાગુ પડે છે ત્યાં સુધી અનુસ્નાતકોનાં જણાવ્યા પ્રમાણે તેઓને નામ નોંધણી કરાવવામાં મુશ્કેલી પડતી નથી પરંતુ તેઓના નામ ભલામણ કરવામાં નિયમિતતા જળવાય તે જોવાવું જોઈએ.

(૫) કેટલાક બેકારોને એવા પ્રકારનાં ઈન્ટરવ્યું કોલ મળે છે કે માગ્યા પ્રમાણેની લાયકાત ધરાવતા હોય તો મુલાકાતમાં હાજર રહેવું. પ્રકારનો વહીવટ યોગ્ય નથી.

(૬) માહિતીદાતાઓએ આપેલી માહિતી અનુસાર તેઓના નામોની ટૂંકાગાળાના બિલકુલ હંગામી પ્રોજેકટોમાં અથવા તો સ્વૈચ્છિક સંસ્થાઓમાં ભલામણ કરવામાં આવે છે.

(૭) જ્યારે બેકારોને ઈન્ટરવ્યું માટે બોલાવવામાં આવે છે ત્યારે કેવા અનુભવો થાય છે તેમાં એક બાબત ખાસ નોંધવા જેવી એ છે કે, બેકારોને મુલાકાત માટે બોલાવવામાં આવે છે. પછી જ્યારે મુલાકાત લેવાય ત્યારે રોજગારી આપનારા ધ્વારા એવું કહેવામાં આવે છે કે અમારે તો એમ.એ.બી.એડ. જોઈએ છે. તમે તો ફકત એમ.એ. જ છો.

બેરોજગારો કહે છે કે જો તમારે એમ.એ.બી.એડ. જોઈતા હોય તો પછી એમ.એ.ની પદવી ધરાવતા બેરોજગારોને મુલાકાતમાં બોલાવી તેમના ભાડા-ભથ્થા અને સમયની શા માટે બરબાદી કરાવો છો

આ તો ફકત દાખલો જ છે. ટૂંકમાં કહેવાનું એટલું જ છે કે જે લાયકાતવાળા માણસો જોઈતા હોય તેવાજ બેરોજગાર ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવા જોઈએ.

(૮) અનુસૂચિત જાતિનાં અનુસ્નાતક બેરોજગાર માહિતીદાતાઓની એક માંગણી એ હતી કે તેઓને જ્યારે મુલાકાત માટે બોલાવવામાં આવે ત્યારે તેમને આવવા જવાનું ભાડું મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૯) અનુ.જાતિના અનુસ્નાતક બેરોજગાર માહિતીદાતાઓ ઘણાં એવા છે કે તેઓને રોજગારી ઉપલબ્ધ અંગેની માહિતી મળતી નથી. તેઓએ માંગણી કરી છે કે તેઓને નિયમિત વિનામૂલ્યે 'રોજગાર સમાચાર' પૂરાં પાડવા જોઈએ.

(૧૦) બેકારીની કારમી તિવ્રતાને ધ્યાને લઈ જેઓ ઉચ્ચ લાયકાત ધરાવતા હોય અને લાંબા સમયથી નામ નોંધણી કરાવી હોય તેઓને બેરોજગારી ભથ્થું આપવા વિચારવું જોઈએ.

(૧૧) કેટલીકવાર બેરોજગાર ઉમેદવારોને 'ઈન્ટરવ્યું કોલ' ઈન્ટરવ્યુંની તારીખ વીતી ગયા પછી મળે છે. આથી બેકાર ઉમેદવારોને ઈન્ટરવ્યુંની તારીખ પહેલાં ઈન્ટરવ્યું કોલ મળે તેવી વ્યવસ્થા થવા ખાસ સૂચના

લાગતાવળગતાને અપાવવી જોઈએ.

(૧૨) અનુ.જાતિનાં બેરોજગાર અનુસ્નાતકોનું કહેવું એવું પણ હતું કે તેઓને 'ખાનગી પેઢીઓ, ટ્રસ્ટો કે સંસ્થાઓમાં નોકરીમાં રાખવામાં આવતા નથી.

(૧૩) એક પ્રતિભાવ એવો પણ હતો કે લેખિત પરીક્ષાને થોડી અઘરી બનાવી અમુક નોકરીઓની નિમણૂંકમાં મૌખિક પરીક્ષા રદ કરી દેવી જોઈએ.

(૧૪) યુનિ. રોજગાર કેન્દ્રો ધ્વારા બેરોજગાર ઉમેદવારોને ખાલી જગ્યાઓ અંગેની તથા આગળ અભ્યાસની કે સ્કોલરશીપ અંગેની વિગતો કયારેય મોકલવામાં આવતી નથી. સ્થાનિક બેરોજગારો તો જિલ્લાની કચેરીએ આવીને આવી માહિતી મેળવી શકે છે પરંતુ ગામડાંના બેકાર યુવાન માટે રોજગાર કચેરીએ આવી માહિતી લેવા આવવું ખુબજ મોંઘું પડી જાય. આથી ઉંડાણનાં ગામડાનાં બેરોજગારોને પોસ્ટ ધ્વારા રોજગાર સબંધી વિગતો પહોંચાડવાની વ્યવસ્થા કરવી જોઈએ.

(૧૫) કેટલાક અનુસ્નાતક બેકારોનો એવો અનુભવ છે કે ધણી સરકારી અને અર્ધસરકારી કચેરીનાં અધિકારીઓ તરફથી તેઓ અનુ.જાતિનાં હોવાથી તેમની સાથે અણછાજતો વ્યવહાર કરવામાં આવે છે.

(૧૬) એક બાબત એવી પણ જાણવા મળી કે જે તે કચેરી કે સંસ્થા જે તે જગ્યાએ ભરતી કરવા નામો મંગાવે પરંતુ પછી તે નામોવાળાને ઈન્ટરવ્યુંમાંજ બોલાવતા નથી પરંતુ જો તેઓને જે માણસ લેવાનો હશે તેનું નામ યાદીમાં હશે તો બધાને ઈન્ટરવ્યુંમાં બોલાવી ઈન્ટરવ્યુંનું નાટક કરી જે માણસને લેવાનો હોય તેનેજ પસંદ કરે છે.

(૧૭) માહિતીદાતાઓની એક માંગણી એવી હતી કે અનુ.જાતિ અને જનજાતિ માટેની અનામત જગ્યાઓ યેનકેન પેતરા કરી ભરવામાં આવતી નથી અને તે જગ્યાઓને બીન અનામતમાં આવતા ઉમેદવારો ધ્વારા ભરવામાં આવે છે.

આથી એક એવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ કે રાજ્ય સરકારે સરકારી, અર્ધસરકારી, શૈ.સંસ્થા, યુનિવર્સિટી, પંચાયત અને

મ્યુ. તથા સ્વૈ.સંસ્થાઓ જયાં જયાં અનામત જગ્યાઓ ભરવાની xxx રહેતી હોય ત્યાં બધેજ કેટલી અનામત જગ્યાઓ ભરવાની થાય છે તે દર વર્ષે જાણી અલગ જ અનુ.જાતિ અને જનજાતિની અનામત જગ્યાઓ ભરવાનું આયોગની રચના કરવી જોઇએ. જેથી કરીને અનામત નીતિનું જે યોગ્ય અમલીકરણ થતું નથી તે રોકી શકાય.

(૧૮) પ્રશ્નાવલીમાં એક સવાલ હતો કે, '' તમારા મત મુજબ રોજગાર મેળવવા માટેની હમણાં જે કંઇ વ્યવસ્થા છે તે બરાબર છે?''

હા / ના..

જો 'ના' તો કારણો આપો આ અંગે શું કરવું જોઇએ? તેનો એક જવાબ આવો છે. No, only the thing that present Govt. can't do anything for us rather to say don't want to do.

(૧૯) અનુસ્નાતક શિક્ષિત બેકારો માટે શિબિરનું આયોજન કરવું જોઇએ તેમાં તેઓએ મૌખિક મુલાકાત કેવી રીતે આપવી તથા લેખિત પરીક્ષા-ની કેવી રીતે તૈયારી કરવી તે અંગે માર્ગદર્શન આપવું જોઇએ.

(૨૦) પ્રસ્તુત અભ્યાસનાં ઘણાં માહિતીદાતાઓને આપણાં સમાજમાં રૂઢ થયેલ જાતિવાદી વિચારસરણીનાં મૂળિયાંની જડ હજુ ઢીલી પડી નથી એનો અનુભવ તેઓને રૂબરૂ મુલાકાતમાં થયો હોવાનો એકરાર કરેલ છે. એક 'ભંગી'જાતિનાં ઉત્તરદાતા જણાવે છે કે,''રૂબરૂ મુલાકાત વિશે દર્શાવવા જેવો કડવો અનુભવ એવો થયો છે કે 'જાતિ' અંગે પૂછીને પછી જણાવીશું એમ કહીને ઇન્ટરવ્યું ત્યાં પૂરું કરે છે.''

(૨૧) દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ થતી રોજગાર સબંધી જાહેરાતોમાં જે રીતેની વ્યવસ્થિત ચાલબાજી થાય છે તે અંગેની પણ વાત જાણવા મળી હતી કે ''જાહેરાત આપવામાં આવે તેમાં જગ્યા અનામત છે'' લખે. કયારેક એમ પણ છાપે કે 'અનુ.જાતિ, અનુ.જનજાતિ, બક્ષીપંચ માટે જગ્યા અનામત છે.' આમાં કોઇ સ્પષ્ટતા હોતી નથી.

આથી આવી જગ્યાઓ માટેની જાહેરાત આપવાનો એક નિશ્ચિત નમુનો નકકી કરવો જોઇએ. અને તેજ પ્રમાણે સ્પષ્ટ જાહેરાત છપાય તેવો પ્રબંધ થવો જોઇએ.

(૨૨) ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત જગ્યાઓ ભરવામાં આવતી નથી તેવું મા હિતીદાતાઓનું કહેવું છે. તથા ત્યાં ભરતીમાં ભ્રષ્ટાચાર મોટા પ્રમાણમાં ચાલે છે. તે ઉપરાંત નિયમિત જગ્યા ઉપર કામ કરાવવાનું અને પગાર ખૂબજ ઓછો આપવાનું જણાવી જો તૈયાર હો તો આવી જાવ. તેમ કહે છે. એટલે કે નોકરી કરતા પહેલાં અમે તમારું શોષણ કરવાના છીએ , તમો શોષાવા તૈયાર છો? જો હા, તો આવી જાવ એવી વાત છે.

(૨૩) એક વાત એ પણ ધ્યાને આવી છે કે આ અભ્યાસનાં ઉત્તરદાતાઓ-માંના ઘણાએ તો પાંચથી માંડી આઠ આઠ વર્ષો નામ નોંધાવ્યાને થયા છે તેમ છતાં તેઓને એક પણ ઈન્ટરવ્યું રોજગાર કચેરી મારફત મળ્યા નથી તેમ જણાવે છે. આ પ્રકારે તેઓ રોજગાર કેન્દ્ર પર આક્રોશ ઠાલવે છે.

(૨૪) અનામત જગ્યાઓ ભરાતી નથી તેની ઘણીજ ફરિયાદો છે. આ માટે જુદા જુદા ખાતાઓમાં જ્યાં જ્યાં અનામત જગ્યાઓ ન ભરાવા અંગેની ફરિયાદ આવે ત્યાં તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓ ધ્વારા તપાસ કરી કસુરવાન સામે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ.

(૨૫) અભ્યાસના કેટલાંક મા હિતીદાતાઓનો અભિપ્રાય એવો હતો કે માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીમાં મોટા પાયા ઉપર ભ્રષ્ટાચાર ચાલે છે. આથી શિક્ષકોની ભરતીનું કામ સરકાર ધ્વારા જ થાય તે માટેનો પ્રબંધ વિચારવો જોઈએ.

પ્રસ્તુત અભ્યાસનાં મા હિતીદાતાઓ ખુબજ સારી રીતે મા હિતી પૂરી પાડી હતી. વિગતવાર ટૂંકમાં જરૂર હોય ત્યાં લંબાણપૂર્વક જવાબો આપ્યા હતા. તેમ છતાં કેટલાક લાગણીસહજ બેકાર યુવાનોએ પોતાની વાત અલગ કાગળ ઉપર પણ લખીને મોકલી આપી હતી તેમાં પણ આપણને તેઓની બેકારીની હાલત કેવી રીતે તેઓ પસાર કરી રહયા છે તેનું ચિત્ર ઉપસતું નજરે પડશે. આવા પ્રતિભાવો અક્ષરસઃ રજૂ કરીએ છીએ.

પ્રતિશ્રી,

સિ.સુ.સોલંકી,
ના. નિયામક,

જયભારત સાથે જણાવવાનું કે હું હવે ભણીને કંટાળી ગયો છું. નોકરી મળતી નથી. રોજગાર કચેરીમાં નામ નોંધાવ્યા ૮ વર્ષ થયા પણ ક્યાંયથી પણ ઈન્ટરવ્યું આવ્યું નથી અને હમણાં જ મેં બી.એડ. નો અભ્યાસ કર્યો. શાળાઓમાં ૫૦ હજાર ડોનેશન માંગે છે તે સિવાય વાત પણ કરતા નથી. હાલમાં હું ગુજરાત યુનિ.માં એમ.ફીલ કરું છું તો આપ યોગ્ય માર્ગદર્શન આપશો એવી અભિલાષા.

લિ.,

( અ. બ. ક.)

નાયબ નિયામકશ્રી,
આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર,
અમદાવાદ.

પતિશ્રી,

જયભારત.....

આપશ્રીના પત્રનં. ટી.આર.ટી.આઈ./એલ/૧૫/૮૮-૮૯ તા. ૨૫-૮-૮૮ ના પત્રના અનુસંધાને આપે એક પ્રશ્નાવલી મોકલાવેલ જે સંપૂર્ણ વિગત સાથે આ સાથે સામેલ છે.

તદઉપરાંત અન્ય કેટલીક બાબતો છે જે પ્રશ્નાવલીમાં નથી તે હું આપશ્રીની સમક્ષ રજૂ કરું છું. આપે જે ભગીરથ કાર્ય ઉપાડલ છે તેમાં આપ સફળ થાઓ તથા પછાતવર્ગના બેકાર યુવાનોને મદદરૂપ થાઓ એવી પ્રાર્થના.

સરકારી ખાતાઓમાં પછાતવર્ગની અમૂક જગ્યાઓ અનામત હોય છે. તે જગ્યાઓ માટે દૈનિક વર્તમાનપત્રોમાં તથા રોજગારમાંથી જાહેરાતો આપી ઈન્ટરવ્યું માટે બોલાવવામાં આવે છે. નિયમ કંઈક એવો છે કે જે તે જગ્યા માટે ત્રણ પ્રયત્ન કર્યા પછી ઉપરી અધિકારીની મંજૂરી લઈ જગ્યાઓ ભરવામાં આવે છે. હવે આપણી અનામત જગ્યાઓમાં લાયક ઉમેદવાર મળતા હોવા છતાં'યોગ્ય ઉમેદવાર મળતાં નથી' માટે બીન પછાત ઉમેદવારથી જગ્યાઓ ભરવાની વિનંતી કરી તે જગ્યા ઉપર બીન પછાત વ્યક્તિને નિમણૂંક આપવામાં આવે છે.

ઈન્ટરવ્યુંના આવા નાટકો અસંખ્ય બને છે. તદુપરાંત આજ દિવસ સુધી આપણા પછાતવર્ગની ટકાવારી સરકારી તથા અર્ધસરકારી કચેરીઓમાં નિયમ મુજબ જળવાય છે કે કેમ એ પણ એક ગંભીર તપાસનો વિષય છે. હું એમ.એ.બી.એડ. પછાતવર્ગનો બેકાર યુવાન આજ ત્રણ વર્ષ થવા છતાં નોકરીની તક આપવામાં આવતી નથી.

માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો, ટ્રસ્ટી મંડળો તથા ડી.ઈ.ઓ.(જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી) ની સાંઠગાંઠના કારણે લાયક હોવા છતાં, ઈન્ટરવ્યું આપવા છતાં તેમને ઈન્ટરવ્યુમાં નાપાસ કરવામાં આવે છે તથા ત્યારપછી તેજ જગ્યા બિનપછાત ઉમેદવાર પાસેથી સારું એવું 'ડોનેશન' લઈ ભરવામાં આવે છે.

આ અંગે મેં એક જગ્યા માટે વાંધો પણ ઉઠાવેલો જેના માટે શિક્ષણ નિયામક, શિક્ષણ સચિવ, શિક્ષણમંત્રી તથા જે તે ટ્રસ્ટને વાંધા અરજીઓ કરવા છતાં કશું જ થયું નહીં.

જો આપશ્રી આ અંગે કશું સરકારશ્રી સમક્ષ પ્રકાશ પાડી શકો તથા સરકારી તથા અર્ધસરકારી કચેરીઓમાં પછાત વર્ગના ઉમેદવારોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી પડેલી છે, શા માટે પડેલી છે, ક્યારે ક્યારે ઈન્ટરવ્યું લીધેલા, તેમાં કેટલા ઉમેદવારો આવેલાં તથા તેઓને શા માટે ફેઈલ કરવામાં આવેલા તેનું પણ એક સર્વેક્ષણ કરી સરકારશ્રીને રજૂ કરવાની હું આપશ્રીને વિનંતી કરું છું.

બીજું સવર્ણ સમાજમાં 'અનામત' આંદોલન પછી હરિજનો માટે ખાસ એક આંતરિક સૂગ ધરાવતા થઈ ગયા છે. ઈર્ષાવિશ પણ એ લોકો હરિજનોને લેવામાં નાનપ અનુભવે છે.

આશા છે ઉપરોકત બાબત ધ્યાનમાં લઈ કશુંક પછાતવર્ગના યુવાનો માટે કરશો તો સમગ્ર વર્ગ આપશ્રીની સંસ્થાનો રૂણી થશે. તથા અંતરથી આભાર માનીએ છીએ. ભવિષ્યમાં પણ ક્યારેક અન્ય વિશેષ માહિતીની જરૂર પડે તો મને પત્ર લખવા કૃપા કરશો. ઉપરોકત બધી બાબતો અંગે આપશ્રીએ શો નિર્ણય કર્યો તથા તેના શા પરિણામો આવ્યા એ જણાવવા કૃપા કરશો તો આપનો ખૂબ ખૂબ આભારી થઈશ.

લિ. આપનો વિશ્વાસુ

( અ. બ. ક. )

માનનીય સંશોધક સાહેબ,

જયભારત સહ જણાવવાનું કે આપની આ દિશામાં આગેકૂચ એક સચોટ દિશાનું જ્ઞાન પુરું પાડે છે અને તમો આવા અનેક સંશોધનો જેના પર સમાજના અમુક વર્ગો જે બાબતથી વણાઈ ગયા છે તેને તોડવા જરૂરથી મદદગાર થઈ શકશે. દાત તમારા સિવાય જ અન્ય લોકો શહેરના બહારના, ગામડાના કે ઈન્ટરવ્યું જેવા જાહેર સ્થળો એ એવા વિચારો રજુ કરે છે કે સરકાર તમારી છે, તમને તો અનામતનો લાભ મળતો હશે. તમારા બધા લોકો આગળ આવી ગયા છે. આટલી બધી અનામતની જગ્યાઓમાં કેટલા લોકોની ભરતી થઈ હશે, તમારા લોકોમાં જ્ઞાન નથી, ~~[illegible]~~ તમારા લોકોમાં બુધ્ધિ નથી. દલીલ એવી રજુ કરે છે કે ૬૦ ટકા સાથે બારમું ભણેલ વિદ્યાર્થી ડૉકટર લાઈનમાં શું કરશે. આવી બાબતોથી સામેના અન્ય વ્યકિતને હતાશ અને લઘુતાગ્રંથીના ભાવો જન્માવે છે. મારો તો આપ સાહેબને સીધો સવાલ છે કે શાળા, કોલેજો અને અન્ય સંસ્થાઓની જે તે જાહેરાતો આપ ગુજરાત કે સંદેશ નામના દૈનિકમાં વાંચતા હશો. આ જાહેરાતોમાં એવી દ્વિધાભરી રજુઆત કરવામાં આવે છે કે તેનાથી અનામતવાળો ખરેખર છેતરાઈ રહયો છે તે બાબત છતી થાય છે આમાં નીચે મુજબની દ્વિધા જોવા મળે છે. (અનુભવ છે)

(૧) જાહેરાતમાં બી.સી. બક્ષી. આદિવાસી, કાજલને અગ્રતા (આમાં કોનો સમાવેશ કરવો તે નકકી નહિ)

(૨) પ્રથમ પ્રયત્ન, બીજો, ત્રીજો, આમ અરજી ઉપલબ્ધ છતાં ઉમેદવાર મળતો નથી તેમ કહી અનામત જગ્યા બિન અનામત બને છે.

(૩) આર.પી.એડીથી જ અરજી કરવી.

(૪) આર.પી.એડીથી અરજી કર્યા છતાં પ્રથમ કે બીજા પ્રયત્નોનાં ઈન્ટરવ્યું કોલ છોડતા નથી.

(૫) પ્રથમથીજ માણસ નકકી કરેલો હોય છે પછી જાહેરાત પાડે છે. અન્ય લાયકાતવાળાના મનમાં પણ પૈસા વગર કામ નહિ થાય તેવી ભીતી જન્મી ચુકેલી હોય છે.

(૬) ઈન્ટરવ્યું વખતે પ્રથમ જ પૂછે છે કઈ જાતિના વિસ્તારથી સમજાવો. પછી ઈન્ટરવ્યું લેનારના ભાવ બદલાય છે.

આ સિવાય એવી ઘણી બધી બાબતો છે જે રજુ કરવી અપૂરતી ગણાશે.

આમાં મારો અનુભવ સમાયેલો છે. મારી લાયકાત હોવા છતાં મને મજૂરી કરવા જવું પડે છે.

આ બાબતે આપ સાહેબ યોગ્ય બાબત રજુ કરશો તેવી હું આશા રાખું છું.

ભૂલચૂક માફ કરશો ભૂલ થાય નહિ.

લિ. આપનો વિશ્વાસુ

(અ. બ. ક. )

## સંદર્ભ સાહિત્ય


(૧) Urban unemployment

- Usha Kundu

(૨) આદિવાસી શિક્ષિત બેકારો

- મુસ્તાઅલી મસાવી

(૩) સાતમી પંચવર્ષીય યોજના, ૧૯૮૫ - ૯૦

- ગુજરાત સરકાર,
સમાજકલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
૧૯૮૫

(૪) ગુજરાતની આંકડાકીય રૂપરેખા

૧૯૮૫

- ગુજરાત અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો,
ગાંધીનગર.

## પરિશિષ્ટ- ૧

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૩૮૦ ૦૧૪

ટીઆરટીઆઈ/સેલ/૧૫/૮૮-૮૯
તારીખ : /૭/૧૯૮૮

પ્રતિ,

ભાઈશ્રી / બહેનશ્રી,

એકવીસમી સદીનું આગમન થઈ રહયું છે ત્યારે આપણા દેશની કેટલીક સમસ્યાઓ વધુને વધુ તીવ્ર બનતી જાય છે. તેમાંની એક સમસ્યા તે બેકારી, તેમાંય શિક્ષિત બેકારીના વધતા જતા આંકે તો સૌને ચિંતાગ્રસ્ત કરી મૂકયા છે.

સમાજ વ્યવસ્થાનાં તળિયાનાં જૂથો જેઓ શિક્ષણ ક્ષેત્રે તેમની પહેલી પેઢીને પગરણ કરાવ્યું છે ત્યાં જ બેકારી તેમની સામે આવીને ઊભી રહી છે. ગુજરાતમાં અનુ.જાતિના અનુસ્નાતક થયેલા બેકાર યુવાન ભાઈ બહેનોના પ્રતિભાવ, અનુભવો, મુશ્કેલીઓને વૈજ્ઞાનિક રીતે સમજી અને મૂલવવાનું અમે વિચાર્યું છે.

બૃહદ જનસમુદાયના માનસમાં એક પ્રકારની એવી માન્યતા પ્રવર્ત છે કે હરિજન અને આદિવાસી શિક્ષિતો બેકાર રહેતા જ નથી. વાસ્તવમાં ઘણા હરિજન, આદિવાસી શિક્ષિતો સારી ટકાવારી સાથે પદવી ધરાવતા હોવા છતાં બેકાર જોવા મળે છે.

આ પરિસ્થિતિમાં અનુ.જાતિના અનુસ્નાતક બેકાર યુવાનોનો અનુસ્નાતક થયા બાદથી અત્યાર સુધી ભોગવેલી બેકારીની હાલતનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવા આ સાથે એક પ્રશ્નાવલી સામેલ કરી છે. આશા છે કે આપ પ્રશ્નાવલી વિગતવાર ભરી મોકલાવી આભારી કરશો.

વિશેષમાં જણાવવાનું કે આપે આપેલી માહિતીનો ઉપયોગ અભ્યાસ પૂરતો જ કરવામાં આવશે અને તે ખાનગી રહેશે.

સહકારની અપેક્ષા સહ

બીડાણ : એક પ્રશ્નાવલી (સિ. સુ. સોલંકી)

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ- ૩૮૦ ૦૧૪

## અનુસ્નાતક બેકાર અનુસૂચિત જાતિના યુવાનોનો અભ્યાસ

## પ્રશ્નાવલી

ક્રમ નં.

૧. પૂરું નામ : જાતિ :

૨. સરનામું :

૩. જન્મ તારીખ :

૪. મૂળ વતન : ગામ : તાલુકો : જિલ્લો :

૫. પરિણિત / અપરિણિત

૬. જો પરિણિત હોય તો કેટલાં બાળકો છે ?

૭. શૈક્ષણિક લાયકાત (શ્રેણી) :

૮. હાલમાં શું કરો છો ? બેકાર / નોકરી / ખેતીકામ / અન્ય ધંધો

(૧) નોકરી ક્યાં કરો છો ?

(૨) કેટલો પગાર મળે છે ?

(૩) કેટલા સમયથી નોકરી કરો છો ?

(૪) કામનો પ્રકાર

(૫) હોદ્દો :

(૬) નોકરી કાયમી છે ?

(૭) આ પહેલાં ક્યાં, કેટલો સમય, કઈ નોકરી કેટલા પગારમાં કરી ?

(૮) નોકરી કેમ છોડી દીધી ?

૧૦. કુટુંબની માહિતી (કુટુંબમાં રહેતા દરેક નાના મોટા સભ્યની માહિતી આપવી.

| ક્રમ | કુટુંબના સભ્યોનાં નામ | કુટુંબના વડા સાથે સંબંધ | ઉંમર | શિક્ષણ | આર્થિક દરજ્જો X |
|---|---|---|---|---|---|
| | | | | | |

X આર્થિક દરજ્જો (૧) ખેતી (૨) મજૂરી (૩) જંગલ મજુરી (૪) નોકરી (૫) ધંધો (૬) અભ્યાસ(૭) અન્ય વ્યવસાય(૮)બેકાર

૧૧. તમારા કુટુંબ પાસે જમીન છે ? હા / ના
જો'હા' તો કેટલી (એકરમાં જણાવો)

૧૨. કુટુંબની વાર્ષિક આવક કેટલી (બધાં સાધનોમાંથી)

૧૩. વ્યકિતગત માહિતી (એસ.એસ.સી.થી છેલ્લામાં છેલ્લી લાયકાત સુધી)

| ક્રમ | શૈક્ષણિક લાયકાત ડીગ્રી | ઉત્તીર્ણ થયાનું વર્ષ | પ્રયત્ન | વર્ગ/ટકા | કોલેજ/યુનિવર્સિટી નામ |
|---|---|---|---|---|---|
| | | | | | |

૧૪. તમારું નામ યુનિવર્સિટી રોજગાર કચેરીમાં નોંધાવ્યું છે? હા ના
જો 'હા' તો નોંધણી નંબર અને વર્ષ

૧૫. નામ નોંધણી કર્યાને કેટલો સમય થયો ?

૧૬. નોંધણીમાં કોઈ મુશ્કેલી પડી હતી ?

૧૭. તમે નિયમિત દૈનિક છાપું વાંચો છો ? હા / ના
જો 'હા' તો કયાં છાપાઓ (જણાવો)

૧૮. તમારા ઘરમાં દૈનિક સમાચારપત્ર આવે છે ? હા / ના
જો 'હા' તો કયાં કયાં ?

૧૯. તમે ગુજરાત સરકારના માહિતીખાતાનું 'રોજગાર સમાચારપત્ર જુઓ છો?
હા / ના

૨૦. તમે ભારત સરકારનું 'એમ્પલોયમેન્ટ ન્યૂઝ જુઓ છો ? હા / ના

૨૧. તમે તમારી લાયકાતની નોકરીની માહિતી કેવી રીતે મેળવો છો?
(વિગત જણાવો)

૨૨. તમે અત્યાર સુધી નોકરી મેળવવા માટે વ્યકિતગત કેટલા પ્રયત્નો કર્યા છે અને તેનાં શા પરિણામ આવ્યાં ?

૨૩. યુનિવર્સિટી શ્રમ રોજગાર કચેરીમાં નામ નોંધાવ્યા પછી તમને કેટલા ઈન્ટરવ્યું કોલ આવ્યા ? તેનાં શા પરિણામ આવ્યાં ?

| ક્રમ | ઈન્ટરવ્યુ કોલ સંસ્થાનું નામ | ઈન્ટરવ્યુ તારીખ | વર્ષ | પરિણામ |
|---|---|---|---|---|
| | | | | |

૨૪. તમને યુનિવર્સિટી શ્રમ રોજગાર કચેરી પરથી નિયમિત ઈન્ટરવ્યુ કોલ આવે છે ? હા / ના

૨૫. જો 'હા' તો તમે ઈન્ટરવ્યુમાં હાજર રહો છો ? હા / ના
તમારા જવાબ માટે કારણ આપો.

૨૬. તમારા રૂબરૂ મુલાકાત વિષેના દર્શાવવા જેવા કોઈ અનુભવ હોય તો તે અહીં દર્શાવો.

૨૭. રોજગાર વિષયક માહિતી મળી શકે તે માટે તમારાં સૂચનો હોય તો જણાવો.

૨૮. રૂબરૂ મુલાકાતમાં તમને સહાયભૂત થઈ શકે એવા અન્ય કોઈ સૂચનો હોય તો જણાવો.

૨૯. તમારા મત મુજબ રોજગાર મેળવવા માટેની હમણાં જે કંઈ વ્યવસ્થા છે તે બરોબર છે ? હા / ના

જો 'હા' તો કારણો આપો અને આ અંગે શું કરવું જોઈએ ?

સહી ---------------------

તારીખ :

સ્થળ :

પત્ર વ્યવહારનું સરનામું :

## પરિશિષ્ટ- ૨

### આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૩૮૦ ૦૧૪

ટીઆરટીઆઈ/સેલ/૩૬/૮૮-૮૯
તારીખ : ૨૧-૧૦-૧૯૮૮

સ્મૃતિપત્ર-૧

પ્રતિ,
શ્રી

ભાઈશ્રી / બહેનશ્રી,

અનુસ્નાતક બેકાર અનુસૂચિત જાતિના યુવાનોના અભ્યાસ સંબંધી ટીઆરટીઆઈ/સેલ/૧૫/૮૮-૮૯ના પત્ર સાથે એક પ્રશ્નાવલી આપને મોકલી આપી હતી. આપની પ્રશ્નાવલી જ્યાં સુધી અમોને પરત ન મળે ત્યાં સુધી આ અભ્યાસ થઈ શકે નહીં.

આપની વિગતો અને મંતવ્યો ખૂબ જ અગત્યતા ધરાવતાં હોઈ આ અભ્યાસમાં ખરેખર બેકાર યુવાનોના સવાલોનું પ્રતિનિધિત્વ રહે અને તે યોગ્ય રીતે રજૂઆત પામે તે માટે આપને મોકલી આપેલ પ્રશ્નાવલી ભરી અને પરત મોકલી આપી સહકાર આપશો એવી આગ્રહભરી વિનંતી છે.

( ઠા. ભા. નાયક )
નિયામક